'પ્રભુ ભજો, નીતિ સજો, પરઠો પરોપકાર.'

ૐ

શ્રી કચ્છી વીશા ઓશવાળ (દહેરાવાસી)

જૈન પાઠશાળા.

શિક્ષણ માળા નં૦ ૧.

શ્રી વિધિપક્ષ ગચ્છીય પ્રતિક્રમણ સૂત્ર

ચૈત્યવંદન ગુરૂવંદન વગેરે સહિત

ઉત્સર્ગમાર્ગે પાપનું પુનઃ ન કરવું તેનું નામ પ્રતિક્રમણ કહ્યું છે

શેઠ ટોકરશી મુલજીની કં૦ કચ્છ-ભુજપુર.

શેઠ સોજપાળ કાયા કચ્છ-મોટાલાયજા.

એઓના તરફથી શ્રી કચ્છી વીશા ઓશવાળ જૈન

પાઠશાળાના વિદ્યાર્થીઓને ભેટ આપવા માટે

સંગ્રહ કરી છપાવી પ્રસિદ્ધ કરનાર.

સાકરલાલ માધવજી.

ઠે૦ વીશા ઓશવાળ મહાજન વાડી જૈન પાઠશાળા

ખડક-પાલાગલી મુંબઈ નં૦ ૯.

પ્રત ૧૦૦૦ | મુંબઈ. | આવૃત્તિ પાંચમી.

સંવત ૧૯૭૬ | | સન ૧૯૨૦.

Bear, Forbear and Know Thyself

શાળાના વિદ્યાર્થીઓને આ પુસ્તક ભેટ આપવા

માટે અગાઉથી આશ્રય આપનાર.

ગૃહસ્થોનાં નામ.

શેઠ ટોકરશી મુળજીની કુાં

શ્રી કચ્છ—ભુજપુરવાલા.

શેઠ સોજપાળ કાયા

શ્રી કચ્છ—મોટાલાયજાવાલા.

'પ્રભુ ભજો, નીતિ સજો, પરઠો પરોપકાર.'

ૐ

શ્રી કચ્છી વીશા ઓશવાળ (દહેરાવાસી) જૈન પાઠશાળા.

શિક્ષણ માળા નં૦ ૧.

શ્રી વિધિપક્ષ ગચ્છીય પ્રતિક્રમણ સૂત્ર

ચૈત્યવંદન ગુરૂવંદન વગેરે સહિત

ઉત્સર્ગમાર્ગે પાપનું પુનઃ ન કરવું તેનું નામ પ્રતિક્રમણ કહ્યું છે

શેઠ ટોકરશી મુલજીની કું૦ કચ્છ–ભુજપુર.

શેઠ સોજપાળ કાયા કચ્છ–મોટાલાયજા.

એઓના તરફથી શ્રી કચ્છી વીશા ઓશવાળ જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓને ભેટ આપવા માટે

સંગ્રહ કરી છપાવી પ્રસિદ્ધ કરનાર,

સાકરલાલ માધવજી.

ઠે૦ વીશા ઓશવાળ મહાજન વાડી જૈન પાઠશાળા

ખડક–પાલાગલી મુંબઈ નં૦ ૯.

પ્રત ૧૦૦૦
સંવત ૧૯૭૬

મુંબઈ.

આવૃત્તિ પાંચમી.
સન ૧૯૨૦.

Bear, Forbear and Know thyself

રામજી સુંદરજી પટેલે ન્યુ જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું,

ધનજી સ્ટ્રીટ પારસી ગલી, મુંબઈ. ૩.

શિક્ષકને સૂચના.

બાળકોને સમજુતી વિનાનું ગોખણ-શિક્ષણ આપવાથી જોઇએ તેવો લાભ નથી થતો; તેથી દરેક વિષય સમજાવીને ઠસાવવાની જરૂર છે. પણ આ બાળકો લાંબો વખત શાળામાં અભ્યાસ કરે, એ બનવું મુશ્કેલ છે. તેથી જે પાઠોનો મુખપાઠ કરાવવાનો હોય તેની અગત્યતા, હેતુ વિષે પ્રથમ થોડો ઇસારો કર્યા પછી તે પાઠોમાં શું કહેવા માગે છે. તેની ટુંક સમજુતી બાળકોની વય, શક્તિ વગેરેનો ખ્યાલ રાખીને યોગ્યતાનુસાર પણ રસમય સમજુતી આપવી.

આપણને બધાંને સુખની ઇચ્છા છે. હંમેશાં આપણને સારૂં ખાવાનું, સારૂં પહેરવાનું, રમત-ગમત કરવાનું અને આનંદમાં રહેવાનું હોય તો સારૂં; આવો ખ્યાલ દુઃખનો સ્હેજ પણ અનુભવ થયા પછી આવી શકે, માટે આપણને કોઇ લડે-વઢે નહીં તો સારૂં, કોઇ મારે નહીં તો સારૂં, એ વગેરે બાબતોથી વાર્તાદિનો પ્રસંગ લાવીને ઉપરની બાબત દઢ કરાવવી, આ મુજબ સુખનું ભાન થઇ દુઃખ ન જ આવે એવો કોઇ ઉપાય મેળવવાની ઉત્કંઠા કરાવવી. દરેકને હરકોઈ પ્રકારનું દુઃખ હોય છેજ. છેવટ ઘડપણ અને મરણનું દુઃખતો છેજ. વળી જેને આપણે સુખ માની બેઠા છીએ

તે ખરૂં સુખ નથી; કારણ કે ટુંક વખતમાં તેનો અંત આવીને પાછું દુઃખ આવે છે. માટે કદી દુઃખ નજ આવે એવું સુખ મળે તો તે કેમ ન મેળવવું ? આવાં દુઃખ આપણા તીર્થંકર ભગવાનને ભોગવવાં પડતાં નથી તેઓ તો ઉંચામાં ઉંચા અને કદી અંત ન આવે એવાં સુખ ભોગવે છે. રાગઆદિ શત્રુનો નાશ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અનંતસુખ તેઓએ મેળવ્યું છે. પોતાને ભોગવવાં પડેલ દુઃખના અનુભવ ઉપરથી પ્રાણી માત્રને તેવાં દુઃખ ભોગવવાં પડશે; આપણા ઉપરે આવી દયાથી તેઓ પોતે એવાં દુઃખો કેવી રીતે ટાળી શકયા, તેના ઉપાય–રસ્તા આપણને પણ બતાવી ગયા છે. આ રસ્તે ચાલીએ, ભગવાનની વંદના–પૂજા કરીએ, તેઓના ગુણોનું રટણ કરીએ તો આપણને પણ તેવું અનંત સુખ મળે. આવા સુખની જેને ઇચ્છા હોય તેમણે પ્રભુએ બતાવેલ માર્ગ શું છે તે જાણવું જોઇએ, અને તે મુજબ વર્તવું જોઇએ. આવું જ્ઞાન મેળવવા માટે, પ્રથમ પગથીઉં વિનય છે. મા' બાપ, ગુરૂ, જ્ઞાન અને પ્રભુનો વિનય કરવો. તેઓ પ્રત્યે બહુ માનની લાગણી રાખવી. વંદના–પૂજાદિ કરવું. પ્રભુની આજ્ઞા ધ્યાનમાં રાખીને તે મુજબ વર્તનકરવું, આશાતના ટાળવી કોઇને દુઃખ દેવું નહીં. ભગવાનના ચરિત્રોનો વિચાર કરવો, કેવી રીતે વર્તવાથી

તેઓ મોક્ષે ગયા. આપણને શું કરવાનું તેઓ બતાવી ગયા છે. આ બધાનો શાંત પણે વિચાર કરવો, તે પ્રમાણે વર્તવાનો પ્રયાસ કરવો.

આપણે આપણા ધંધા રોજગારમાં ગમે તેવા ગુંથાએલા હોઇએ તોપણ આટલી બાબત તો આપણા ખ્યાલમાંજ હોવી જોઇએ કે મન વચન અને કાયાથી થતાં દરેક કૃત્યો બની શકે તેટલે દરજ્જે આપણને તથા અન્યને પરિણામે સુખરૂપ હોય, વ્યવહાર જેટલો બની શકે તેટલો ચોખ્ખો શુદ્ધ રાખવા તત્પર રહેવું. અને એમ છતાં જે કાંઈ દોષ થઈ જાય તેની નિર્જરા–ક્ષમાપના અર્થે સામાયિક–પૂજા આદિ ભાવપૂર્વક કરવાં સામાયિકાદિ કરીને અટકવાનું નથી. પણ તે તે વિષયોનો વિચાર કરી તેવા પ્રકારના દોષ ફરી જાણતે ન થાય તેવી કાળજી રાખવી.

(૧) **શ્રીનવકાર—પંચપરમેષ્ઠિસ્તવન**–સુખમાં વિઘ્નના કારણભૂત રાગાદિ શત્રુ ઉપર જય મેળવી અનંત સુખનો રસ્તો બતાવવાવાળા **શ્રીઅરિહંત**, **સિદ્ધ** પદને પામેલા **શ્રીસિદ્ધ ભગવાન**, અંનત સુખ આપે એવા આચાર પાળવા પળાવવા વાળા **શ્રીઆચાર્ય મહારાજ**; વસ્તુનું ખરૂં ભાન કરાવનાર **શ્રીઉપાધ્યાય મહારાજ** અને આ પદો મેળવ-

વાને તત્પર થયેલા સાધુ મુનિરાજને નમસ્કાર. આ મંત્ર સર્વોત્તમ માંગલિક રૂપ છે.

(૨) શ્રી ઈર્યાપથિકી—ઇરિયાવહિયં હાલવા ચાલવાથી જાણતાં અજાણતાં હરેક પ્રકારે જીવની વિરાધના થઈ હોય તેને માટે માફી રૂપ અજાણતાં જે કૃત્ય થયું હોય તેને માટે જો અંતઃકરણપૂર્વક પશ્ચાતાપ થાય તો તેવું કૃત્ય સુખની આડે આવતું નથી. આ પ્રકારનું જે કૃત્ય થયું હોય તેના પશ્ચાતાપને માટે કાઉસ્સગ્ગ કરવાનો છે. જેની અંદર મન-વચન કાયાના એકતારથી પ્રભુનું ધ્યાન કરવાનું છે. કાઉસ્સ-ગ્ગની અંદર એક ચિત્ત હોવું ઘટે. કોઇ કુદરતી કારણ છીંક આદિનું નડે. જેને માટે બીજો કશો ઉપાય નથી. તેથી તેને માટે "અન્નત્થ૦ માં આગાર—છુટ બતાવેલ છે. કાઉસ્સ-ગ્ગમાં વૃત્તિસ્થિર રહેવા માટે પ્રભુના નામ તથા ગુણોનું રટણ કરવાનું છે. જેને માટે લોગસ્સનો પાઠ છે. હાલતાં ચાલતાં અને બીજાં કામકાજ કરતાં કોઈ પણ જીવને હરકોઇ પ્રકારે દુઃખ આપ્યું હોય તેને માટે પશ્ચાતાપ પૂર્વક માફી માગવા માટે ગમણાગમણ વગેરેના પાઠો છે.

(૩) શ્રી પંચિંદિય અથવા ગુરૂગુણગ્રામ—ગુરૂ પ્રત્યે પૂજ્યભાવ ઉપજવાના કારણ રૂપ ગુરૂ ગુણોનું પંચિંદિયમાં વર્ણન

છે, વૃત્તિને બીજા વિચારોમાં ન જવા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની હદ બતાવી તેની બહાર તેને (વૃત્તિને) નહીં જવા દેવાનો બોધ કરેલો છે. આટલું બન્યા પછી સામાયિકનું પચ્ચખાણ લેવાનું છે, તેમાં પ્રથમ ગુરૂને વિનય પૂર્વક સુખ-શાતા પૂછયા પછી કરેલાં કામો માટે માફી માગવાનો વાંદણાનો પાઠ આવે છે. જાણતાં અજાણતાં મન, વચન અને કાયાથી જે કૃત્યો બનવાનો સંભવ હોય, કેટલીએક જુજ બાબતો જેને આપણે સામાન્ય માનતા હોઈએ, અગર જેના ખોટાપણાનો આપણને ખ્યાલ પણ ન હોય અને પરિણામે દોષ યુક્ત હોય તે તમામના પશ્ચાતાપ રૂપે; અને આવાં કૃત્યો પાપયુક્ત છે, માટે તેનાથી ચેતીને ચાલવા માટે ખ્યાલમાં રહેવા **અતિચારનો** પાઠ છે. આટલે સુધી આવ્યા પછી કંઈક નિર્મળતા આવે છે. ત્યાર પછી પ્રભુના ગુણ ગાવા, સ્તુતિ કરવી, અને આ બંધનમાંથી છોડાવવા **દેવવંદન** કરવાનું છે. ઉપસર્ગહર-સર્વ પ્રકારના દુઃખ-આધિ-વ્યાધિ-ઉપાધિ દુર કરવા પ્રભુસ્તુતિ રૂપે આ પાઠ છે. પ્રભુના વિવિધ પ્રકારના ઉપકારાનુસાર ઉપમા આપી શરણ માગવા **નમુથ્થુણંનો** પાઠ છે. અચલગચ્છના ઉપકારી ગુરૂમહારાજને **વંદન** કરવાનો પાઠ છે. પંચપરમેષ્ઠિની સ્તુતિ કરી આત્મા વિષે વિચાર કરવા માટે સજ્ઝાય છે. મન કંઈક કુણું થયા

પછી વ્રત-નિયમ માટે પ્રત્યાખ્યાનની બાબત રાખેલ છે સામાયિક પ્રતિક્રમણ કરતાં મન-વચન કાયાના દોષ લાગે તેની માફી ઈચ્છીને સામાયિક પૂર્ણ કરવાનો પાઠ છે વગેરે વગેરે.

શિક્ષકે ધર્મનું શિક્ષણ એવા પ્રકારે આપવું કે તેનો વિશેષ અર્થ શું હશે ? તે જાણવાની તેઓનામાં ઈચ્છા રહ્યા કરે અને ધંધારોજગારમાં અવકાશે તેના અર્થ આદિનો અભ્યાસ જારી રાખવા તેઓ ઇંતેજાર રહે.

' પ્રભુ ભજો નીતિ સજો પરઠો પરોપકાર '

વંદના પૂજાથી પ્રભુ ભજવાનું કહ્યું. સામાયિક આદિમાં નીતિનું સૂચવન થયું; હવે પરોપકાર વિષે કહેવાનું રહે છે. પરોપકાર નિર્જરાનું મોટામાં મોટું સાધન છે. પોતાને ભોગવવાં પડેલ દુઃખો આપણે ભોગવવાં ન પડે એ દયામય હેતુથી ભગવાને આપણને ઉત્તમ રસ્તા બતાવવા સૂચવન કર્યું છે કે બની શકે તેટલા સુધી હરકોઈ પ્રકારે અન્યને મદદ કરવી, આવું આપણાથી ઘણે ઓછે ભાગે બને છે. બલ્કે આપણે પરોપકાર કરી શક્તા નથી, તો પછી એટલું તો બની શકવા જોગ છે કે આપણાથી કોઇને-દુઃખ તો નજ થવું જોઈએ પોતાને ઈષ્ટ લાગે તેવો નિર્દોષ આનંદ, સુખ ભોગવવાને વાંધો નથી પણ બીજાના પ્રાણોને આપણે કોઇ પણ પ્રકારે

દુભાવવાં જોઇએ નહીં. આપણામાં જેવો જીવ છે તેવોજ કીડી આદિ પ્રાણી તથા ઝાડોમાં છે. જેમ દુઃખ આપણને અપ્રીય છે તેમ તે બધા જીવોને પણ છે, સુખ આનંદ ભોગવવાનો જેટલો આપણને હક્ક છે, તેટલોજ બીજાને છે. આપણે એમ ઇચ્છીએ કે બીજા કોઈ આપણને દુઃખ ન દે, આપણા સુખમાં હરકત ન કરે. તો આપણી પણ એજ ફરજ છે કે આપણે બીજાને દુઃખ થવામાં કારણભૂત ન થવું. બીજાને હરકત કર્તા ન થવું.

આ વગેરે બાબતો પ્રસંગાનુસાર બાળકોને સમજાવી સૂત્રપાઠ મોઢે કરાવવો.

ઉત્તમ ગૃહસ્થ.

સંસારમાં રહ્યા છતાં પણ ઉત્તમ શ્રાવકો ગૃહસ્થાશ્રમથી આત્મસાધનને સાધે છે, તે એનો ગૃહસ્થાશ્રમ પણ વખણાય છે. તે ઉત્તમ પુરૂષ, સામાયિક, ક્ષમાપના, ચોવિહાર, પ્રત્યાખ્યાન વગેરે યમ નિયમને સેવે છે. પરપત્ની ભણી મા બ્હેનની દૃષ્ટિ રાખે છે.

સત્પાત્રે યથાશક્તિ દાન દે છે.

શાંત મધુરી અને કોમળ ભાષા બોલે છે.

સત્‌શાસ્ત્રનું મનન કરે છે.

અને ત્યાંસુધી ઉપજીવિકામાં પણ માયા કપટ ઇત્યાદિ કરતા નથી. સ્ત્રી, પુત્ર, માતા, તાત, મુનિ અને ગુરૂ એ સઘળાંને યથાયોગ્ય સન્માન આપે છે.

મા બાપને વિનયથી ધર્મનો બોધ આપે છે.

યત્નથી ઘરની સ્વચ્છતા, રાંધવું, સીંધવું, શયન વગેરે રખાવે છે. પોતે વિચક્ષણતાથી, સ્ત્રી, પુત્રને વિનયી અને ધર્મી કરે છે.

કુટુંબમાં સંપની વૃદ્ધિ કરે છે.

આવેલા અતિથિનું યથાયોગ્ય સન્માન કરે છે

યાચકને ક્ષુધાતુર રાખતો નથી.

સત્‌પુરૂષોનો સમાગમ અને તેઓનો બોધ ધારણ કરે છે.

સમર્યાદ અને સંતોષ યુક્ત નિરંતર વર્તે છે.

યથાશક્તિ શાસ્ત્ર સંચય ઘરમાં રાખે છે.

અલ્પ આરંભથી વ્યવહાર ચલાવે છે.

આવો ગ્રહસ્થાવાસ ઉત્તમ ગતિનું કારણ થાય એમ જ્ઞાનીઓ કહે છે.

શ્રી મોક્ષમાળા.

શ્રાવકના ગુણ,

સદ્ગુરૂ કહે નિસુણો ભવિ લોક, ધર્મ વિના ભવ હોએ ફોક;
ગુણ વિણધર્મ કીઓ પણ તથા, અંક વિના મીડાં હોય યથા.
ધર્મરયણને તેહજ યોગ, જેહને અંગે ગુણ આભોગ;
શ્રાવકના ગુણ તે એકવીશ, સૂત્રે ભાખ્યા શ્રી જગદીશ.
પહેલે ગુણે છલછલિયો ન હોય, બીજે ઇંદ્રિય પટુતા જોય;
ત્રીજે સૌમ્યસ્વભાવી જાણ, ચોથે લોકપ્રિય શુભ વાણ,
ચિત્તસંકલેશ તજે પાંચમે, છઠે અપયશથી વીરમે;
પરને વંચક નહિ સાતમે, દાક્ષિણવંત હોયે આઠમે,
લજ્જાવંત નર નવમે કહ્યો, કરૂણાકારિ દશમે લહ્યો;
એકાદશમે હોય મધ્યસ્થ. દ્વાદશમે ગુણ રાગી પ્રશસ્ત.
ધર્મ કથા વલ્લભ તેરમે, શુભ પરિવાર સહિત ચઉદમે;
ઉત્તર કાલે નિજ હિતકાર, કરે કાજ પન્નરમે વિચાર.
ષોડશમે ગુણ દોષ વિશેષ, જાણે નિજપર સમવડ લેખ;

સદાચાર જ્ઞાનાદિક વૃદ્ધ, સત્તરમે સેવે તે સિદ્ધ.
અઠદશમે ગુણવંત મહુંત, તેહનો વિનય કરે મન ખંત;
ન વિસારે કીધો ઉપકાર, શ્રાવક ગુણ ઓગણીશમો સાર.
મનની સુહ સાંધે પર અર્થ વીશમા ગુણના ધારો અર્થ;
ધર્મ કાર્ય કરવે હોય દક્ષ, એકવીશમો ગુણ એ પ્રત્યક્ષ.
એ માંહેલા ઓગણીશ વિરતિ, શ્રાવક ધર્મની નહીં પ્રતિપત્તિ;
ચોથા ચઉદશમા ગુણ વિના, અંગીકર્યો પણ હારે જના.
તે માટે ગુણ અંગે ધરો, જિમ શ્રાવકપણું સુધું વરો;
પંડિત શાંતિવિજયનો શિષ્ય, માનવિજય કહે ધરી જગીશ.

શ્રાવકની કરણી.

શ્રાવક તું ઉઠે પરભાત, ચાર ઘડી લે પાછલી રાત,
મનમાં સમરે શ્રી નવકાર, જીમ પામે ભવ સાયર પાર, ૧
કવણ દેવ કવણ ગુરૂ ધર્મ, કવણ અમારૂં છે કુલ કર્મ,
કવણ અમારો છે વ્યવસાય, એવું ચિંતવજે મનમાંય. ૨
સામાયિક લેજે મન શુદ્ધ, ધર્મની હૈડે ધરજો બુદ્ધ,
પડિક્કમણું કરે રયણી તણું, પાતીક આલોઇ આપણું. ૩
કાયા શકતે કરે પચ્ચખાણ, શુધ્ધિ પાળે જીનની આણ,
ભણજે ગણજે સ્તવન સજઝાય, જિણ હુંતી નિસ્તારો થાય. ૪
ચીતારે નિત્ય ચઉદમે નીમ, પાળે દયા જીવંતા સીમ,
દેહરે જઈ જુહારે દેવ, દ્રવ્ય ભાવથી કરજે સેવ. ૫

પૂજા કરતાં લાભ અપાર, પ્રભુજી મ્હોટા મુકિતદાતાર,
જે ઉથાપે જીનવર દેવ, તેહને નવ દંડકની ટેવ. ૬

પોશાળે ગુરૂવંદને જાય, સુણજે વખાણ સદા ચિત્ત લાય,
નિર્દુષણ સૂજતો આહાર, સાધુને દેજે સુવિચાર. ૭

સામિવત્સલ કરજે ઘણું, સગપણ મોહટું સ્વામિ તણું,
દુઃખીયા હીણા દીનને દેખ, કરજે તાસ દયા સુવિશેષ, ૮

ઘર અનુસારે દેજે દાન, મોહોટાસું મ કરે અભિમાન,
ગુરૂને મુખ લેજે આખડી, ધર્મ ન મુકીશ એકે ઘડી. ૯

વારૂ શુધ્ધ કરે વ્યપાર. ઓછા અધિકાનો પરિહાર,
મ ભરજે કેની કુડી શાખ, કુડાં જનસું કથન મ ભાખ. ૧૦

અનંતકાય કહ્યાં બત્રીશ, અભક્ષ બાવીશ વિશ્વાવીશ,
તે ભક્ષણ નવિ કીજે કોમે. કાચાં કુણાં ફળ મત જીમે. ૧૧

રાત્રી ભોજનના બહુ દોષ, જાણીને કરજે સંતોષ,
સાજી, સાબુ, લોહને ગળી, મધુ ધાવડી મત વેચો વળી. ૧૨

વળી મ કરાવે રંગણ પાસ, દુષણ ઘણાં કહ્યાં છે તાસ,
પાણી ગળજે બે બેવાર, અણગળ પીતાં દોષ અપાર. ૧૩

જીવાણીના કરજે યત્ન, પાતક છંડી કરજે પુણ્ય,
છાણાં ઈંધણ ચૂલો જોય, વાવરજે જીમ પાપ ન હોય. ૧૪

ઘૃતની પેરે વાવરજે નીર, અણગળ નીર મ ધોઇશ ચીર,
બારે વ્રત સુધાં પાળજે, અતિચાર સધળાં ટાળજે. ૧૫

કહ્યાં પંદરે કર્માદાન, પાપ તણી પર હરજે ખાણ;
માથે મ લેજે અનર્થ દંડ. મિથ્યા મેલ મ ભરજે પિંડ. ૧૬
સમક્તિ શુદ્ધ હૈડે રાખજે, બોલ વિચારીને ભાખજે;
પાંચ તિથિ મ કરીશ આરંભ, પાળો શીયળ તજો મન દંભ ૧૭
તેલ, તક્ર, ઘૃત, દુધ ને દહીં, ઉઘાડાં મત મેલો સહી,
ઉત્તમ ઠામે ખરચો વિત્ત, પર ઉપકાર કરો શુભચિત્ત. ૧૮
દિવસ ચરિમ કરજે ચોવિહાર, ચાર આહાર તણો પરિહાર,
દિવસ તણા આલોઇએ પાપ, જિમ ભાંજે સઘળાં સંતાપ. ૧૯
સંધ્યાયે આવશ્યક સાચવે, જીનવર ચરણ શરણ ભવભવે,
ચારે શરણ કરી દ્રઢ હોય, સાગારી અણસણ લે સોય. ૨૦
કરે મનોરથ મન એહવા, તીરથ શેત્રુંજય જાયવા,
સમેતશિખર આબુ ગિરનાર, ભેટીશ હું ધન ધન અવતાર. ૨૧
શ્રાવકની કરણી છે એહ, એહથી થાએ ભવનો છેહ,
આઠે કર્મ પડે પાતળાં, પાપ તણા છુટે આમળા. ૨૨
બારૂ લહિયે અમર વિમાન, અનુક્રમે પામે શીવપુર ઠામ,
કહે જીનહર્ષ ઘણે સસનેહ, કરણી દુઃખ હરણી છે એહ. ૨૩

સમકિત.

જબ લગે સમક્તિ રત્નકું, પાયા નહી પ્રાણી,
તબ લગે નિજ ગુણ નવિ વધે, તરૂ વિણુ જિસ પાણી જબ૦ ૧

તપ સંયમ કિરિયા કરો, ચિત્ત રાખો ઠામ,
દર્શન વિણ નિષ્ફળ હોય, જિમ વ્યોમે ચિત્રામ. જ૦ ૨
સમકિત વિરહિત જીવને, શિવસુખ હોયે કેમ,
વિણ હેતુ કાર્ય ન નીપજે, મૃદ વિણ ઘટ જેમ. જ૦ ૩
પરંપર કારણ મોક્ષકો, એ છે સંમકિત મૂલ,
શ્રેણિક પ્રમુખ તણી પરે, હોય સિધ્ધિ અનુકૂલ. જ૦ ૪
ચાર અનંતાનુબંધીઆ, ત્રિક્ દર્શન મોહ,
જ્ઞાન કહે જે ક્ષય કરે, વંદું તે જિત કોહ. જ૦ ૫

ક્ષમાપના.

હે ભગવન્! હું બહુ ભુલી ગયો. મેં તમારાં અમુલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં. મેં તમારાં કહેલાં અનુપમ તત્ત્વનો વિચાર કર્યો નહીં. તમારાં પ્રણીત કરેલાં ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવન્! હું ભુલ્યો, આથડયો રઝળ્યો અને અનંતસંસારની વિટંબનામાં પડયો છઉં. હું પાપી છઉં. હું બહુ મદોન્મત્ત અને કર્મ રજથી કરીને મલીન છઉં. હે પરમાત્મન્! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપં-

ચમાં પડ્યો છઉં; અજ્ઞાનથી અંધ થયો છઉં; હું નિરાશ્રીત છઉં, અનાથ છઉં, નિરાગી પરમાત્મન્! હવે હું તમારૂં, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છઉં. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થઉં, એ મારી અભિલાષા છે. આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાતાપ કરૂં છઉં, જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરૂં છઉં, તેમ તેમ, તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે, તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છઉં, એક પળ પણ તમારા કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એજ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ. હે સર્વજ્ઞ ભગવન્! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઇ અજાણ્યું નથી, માત્ર પશ્ચાતાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છઉં,—ૐ શાંતિઃ! શાંતિઃ! શાંતિઃ!

તીર્થંકરનાં નામ.	પિતાનાં નામ.
૧ શ્રી ઋષભદેવ	નાભિરાજા
૨ શ્રી અજિતનાથ	જીતશત્રુ
૩ શ્રી સંભવનાથ	જીતારી
૪ શ્રી અભિનંદનસ્વામિ	સંવર
૫ શ્રી સુમતિનાથ	મેઘરાજા
૬ શ્રી પદ્મપ્રભુ	શ્રીધર
૭ શ્રી સુપાર્શ્વનાથ	પ્રતીષ્ઠ
૮ શ્રી ચંદ્રપ્રભુ	મહસેન
૯ શ્રી સુવિધિનાથ	સુગ્રીવ
૧૦ શ્રી શીતલનાથ	દ્રઢરથ
૧૧ શ્રી શ્રેયાંસનાથ	વિષ્નુ
૧૨ શ્રી વાસુપૂજ્યસ્વામિ	વસુપૂજ્ય
૧૩ શ્રી વિમલનાથ	કૃતવર્મ
૧૪ શ્રી અનંતનાથ	સિંહસેન
૧૫ શ્રી ધર્મનાથ	ભાનુ
૧૬ શ્રી શાંતિનાથ	વિશ્વસેન
૧૭ શ્રી કુંથુનાથ	સુરરાજા
૧૮ શ્રી અરનાથ	સુદર્શન
૧૯ શ્રી મલ્લિનાથ	કુંભરાજા
૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામિ	સુમિત્ર
૨૧ શ્રી નમિનાથ	વિજય
૨૨ શ્રી નેમિનાથ	સમુદ્રવિજય
૨૩ શ્રી પાર્શ્વનાથ	અશ્વસેન
૨૪ શ્રી મહાવીરસ્વામિ	સિદ્ધાર્થ

માતાનાં નામ.	લંછન.
મરૂદેવી	વૃષભ—બળદ
વિજયા	હસ્તિ—હાથી
સેના	અશ્વ—ઘોડો
સિદ્ધાર્થા	કપિ—વાંદરો
મંગલા	ક્રૌંચપક્ષી—કુકડો
સુશિમા	પદ્મ કમળ-રાતુ ફુલ
પૃથ્વી	સ્વસ્તિક-સાથીઓ
લક્ષ્મણા	ચંદ્રમા
રામા	મગરમચ્છ
નંદા	શ્રીવત્સ
વિષ્નુ	ગેંડો
જંયા	મહિષ-પાડો
શ્યામા	શુકર
સુયશા	સીંચાણો
સુવ્રૃતા	વજ્ર
અચિરા	મૃગ-હરણ
શ્રીરાણી	બોકડો
દેવીરાણી	નંદાવર્ત
પ્રભાવતી	કળશ
પદ્મા	કાચબો
વિપ્રા	નિલોત્પલ-લીલુ કમળ
શિવા	શંખ
વામા	સર્પ
ત્રીશલા	સિંહ

नमो नाणस्स.

श्री

દેવવંદન પ્રકરણ.

પ્રથમ નવકાર પંચનમસ્કાર રૂપ.

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં,
નમો લોએ સવ્વ સાહુણં.
એસો પંચ નમુક્કારો, સવ્વપાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હોઈ મંગલં. ॥

સવારના શ્રી જિનેશ્વર ભગવાનનાં દર્શન કરવા જવું ત્યારે સ્વચ્છ અને મર્યાદાવાળાં કપડાં પહેરીને જવું, જિન મંદિરે જવા નીકળ્યા પછી બનતાં સુધી રસ્તામાં બીજા કામે રોકાવું નહીં. જિનમંદિરમાં પ્રથમ દાખલ થવા પહેલાં સંસાર વ્યવહારના બધા વિચાર છોડી દેઇ જે કામે આવ્યા છીએ તે કામનું મનમાં રટણ હોવું જોઇએ. આ બાબતનું સ્મરણ રહેવા માટે (પહેલી ‘ નિસ્સહી’ શબ્દ ઉચારવો. જિનમંદિરની અંદર વાતો કરવી પડે તો તે પણ તેને લગતી બાબતો

વિષેજ થઇ શકે. બીજી વાતો કરવાથી પ્રભુની આજ્ઞાનું અપમાન થાય છે, બીજા દ્વારમાં પેસતાં (બીજી) 'નિસ્સહી' કહેવી અને તેનો હેતુ એ છે, કે પ્રભુભક્તિ સિવાય બીજા વિચાર કરવા જોઇએ નહીં. અને પ્રભુપ્રતિમા સન્મુખ આવતી વખતે (ત્રીજી) 'નિસ્સહી' શબ્દ ઉચ્ચારવો. જેનો અર્થ એવો થાય છે કે મન વચન કાયા ભગવાન તરફજ હોવાં જોઇએ. બીજા કશાપણ વિચાર કે બાબતોમાં આપણું મન જરાપણ ખેચાવું જોઇએ નહીં.

પ્રભુ સન્મુખ આવતાં પ્રથમ બોલવું.

પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવનિદ્ધિ;
પ્રભુદર્શનથી પામીયે, સકલ પદારથ સિદ્ધિ,

હવે જો દ્રવ્ય પૂજા કરવી હોય તો પ્રથમ તે કરવું અને પ્રભુને ચંદન વડે પૂજા કરતાં નીચેના દુહા દરેક અંગે પૂજા કરતી વખતે જે અંગને લગતા જે દુહા હોય તે મનમાં ચિંતવવા

દ્રવ્ય પૂજા.

જલ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત,
ઋષભ ચરણ અંગુઠડો, દાયક ભવજલ અંત.
જાનુ બલે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ,
ખડાં ખડાં કેવલ લહ્યું, પૂજો જાનુ નરેશ.

લોકાંતિક વચને કરી, વરસ્યા વરસી દાન,
કર કંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન,
માન ગયું દોય અંશથી, દેખી, વીર્ય અનંત,
ભુજા બલે ભવજલ તર્યાં, પૂજો ખંધ મહંત.
રત્નત્રયી ગુણ ઉજલી, સકલ સુગુણ વિશરામ,
નાભિ કમલની પૂજના, કરતાં અવિચલ ધામ,
હૃદય કમલ ઉપશમ બળે, બાળ્યા રાગને રોષ,
હેમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ.
સોલ પહોર દેઇ દેશના, કંઠ વિવર વર્તુલ,
મધુર ધ્વની સુરનર સુણે, તિણે ગળે તિલક અમુલ.
તીર્થંકર પદ પુણ્યથી, ત્રીભુવન જન સેવંત.
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત.
સિદ્ધશિલા ગુણ ઉજલી, લોકાંતે ભગવંત.
વસિયા તિણે કારણ ભવિ, શિર શિખા પૂજંત.
ઉપદેશક નવતત્વના તેણે નવ અંગ જિણંદ.
પૂજો બહુ વિધ ભાવથી, કહે શુભ વીર મુણિંદ.

ચંદનપૂજા કર્યા પછી નીચેના દુહા બોલવા અને તેના ઉપર વિચાર કરવો.

જીવડા જીનવર પૂજીયે, પૂજાના ફલ જોય,
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય.
કુંભે બાંધ્યું જલ રહે, જલવિના કુંભ ન હોય,
જ્ઞાને બાંધ્યું મન રહે, ગુરૂ વિના જ્ઞાન ન હોય.
ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ વિના ઘોર અંધાર.
જે ગુરૂ વાણી વેગલા, તે રડવડીઆ સંસાર.
ભાવે ભાવના ભાવિયે, ભાવે દીજે દાન.
ભાવે જિનવર પૂજીયે, ભાવે કેવલ જ્ઞાન.
પ્રભુ નામની ઔષધી, ખરે મનસું ખાય,
રોગ પીડા વ્યાપે નહીં, મહાદોષ મિટ જાય,
પ્રભુ પૂજનકું હું ચલ્યો કેશરચંદન ઘનસાર,
નવે અંગે પૂજા કરૂં, ભવસાયર પાર ઉતાર.
પાંચ કોડીને ફુલડે પામ્યો દેશ અઢાર.
કુમારપાલ રાજા થયો વર્ત્યો જય જયકાર.

દ્રવ્યપૂજા પૂર્ણ થયા પછી ભાવ પૂજા કરવાની અગર દ્રવ્યપૂજા ન કરવી હોય અને માત્ર ભાવ પૂજા કરવી હોય તેને માટે નીચે મુજબ કરવું.

ભાવ પૂજા.

દ્રવ્ય પૂજા કરતી વખતે મુખકોશ બાંધ્યો હોય તે છોડી નાખી ત્રણ પ્રદક્ષિણા દેઈ ચૈત્યવંદન વિધિ પ્રમાણે શરૂ કરવું.

પ્રભુ સન્મુખ ડાબો પગ ઉભો રાખી જમણા પગ ઉપર બેસી બાજોઠ ઉપર શુદ્ધ આખા ચોખાનો સ્વસ્તિક (સાથીઓ) કરવો ઉપર ચોખાની ત્રણ ઢગલીઓ કરવી; અને સાથીઆ ઉપર વચ્ચમાં ☽ અર્ધચંદ્રાકાર ચોખાનો કરવો. તે વખતે મનમાં એમ ધારવું અથવા વચનથી એમ બોલવું કે હે? પ્રભુ આ ચારગતિરૂપ સંસારથી છુટું; જ્ઞાન-દર્શન- ચારિત્ર પામું અને છેવટે સિધ્ધશિલા ઉપર આપની પેઠે બિરાજું. સાથીઓ એ ચાર ગતિ (દેવ-મનુષ્ય-નારકી-તિર્યંચ) સૂચવે છે. માટે સાથીઓ કરતી વખતે એ ચાર-ગતિથી છુટવાની ભાવના ભાવવી પછી ઉપલી ત્રણ ઢગલીઓ આત્માના ગુણ (જ્ઞાન-દર્શન-ચારિત્ર) સૂચવે છે, તો તે પણ ઢગલી કરતાં એ ત્રણ ગુણ પામવાની ભાવના ભાવવી અને અર્ધચંદ્રાકાર સિધ્ધશિલા કે જ્યાં સિધ્ધ ભગવાન બીરાજે છે એ સૂચવે છે, માટે એ અર્ધ ચંદ્રાકાર કરતાં સિધ્ધશિલા પામવાનું ચિંતવવું. આમ સ્વસ્તિક કર્યા પછી ચૈત્યવદન કરવું ચોખા ઉજવલ અને આખા લેવા તેનું કારણ એ છે કે હે? ભગવન્ મારા ભાવ ઉજવલ-આ અક્ષત-આખા ચોખાની પેઠે અખંડ હોજો.

અથ ખમાસમણ.

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજજાએ. નિસીહિઆએ મથ્થએણ વંદામિ.

એ પ્રમાણે બોલી ૩ વખત ખમાસમણા દેવા. પછી પ્રભુની જમણી બાજુએ અગરતો સન્મુખ અને સ્ત્રીઓએ પ્રભુની ડાબી બાજુએ જમણા પગ ઉપર બેસવું અને ડાબો પગ ઉભો રાખવો. અને ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં જી. એમ કહી ઇચ્છં બોલી ચૈત્યવંદન બોલવું

અથ ચૈત્યવંદન.

જય જય મહાપ્રભુ દેવાધિદેવ.
સર્વજ્ઞ, શ્રી વીતરાગ દેવ.
મુહ દીઠું પરમેસર, સુંદર સોમ સહાવ,
ભુરિ ભવંતર સંચિઓ, નઠો સો સવિ પાવ,
જે મેં પાપ કિયાં બાલાપણે, અહવા અન્નાણે,
અન્નભવંતર, સો સો ખંડ જયો પરમેસર,
તુહ મુહ દિઠું સિરિપાસ જિણેસર.
પાસ પસી પસાએ કરી વિનતડી અવધાર,
સંસારડો બીહામણો સામી, આવાગમણ નિવાર,
હત્થડા તે સુલખ્ખણા, જે જિનવર પૂજંત;

એકે પુણ્ણે બાહિરા, સો પરઘર કામ કરંત.
કવણેવાડી વાવિયાં, કવણે ગૂંથ્યાં ફુલ,
કવણે જિનવર ચઢાવિયાં, ભાવ સરીસાં મૂલ,
વાડી વેલો મહોરિયો, સોવન કુંપલિએણ,
પાસ જીણેસર પૂજીયે, પંચે અંગુલીએણ,
દો ધોલા દો શામલા, દો રત્તોપ્પલવણ્ણ.
મરગયવન્ના દુન્નીજીણ, સોલસ કંચન વણ્ણ.
નીય નીય માન કરાવીયા, ભરહેસ નયણાનંદ.
તે મેં ભાવે વંદીયા, એ ચોવીસે જીણંદ.

કમ્મભુમિહિં, કમ્મભુમિહિં, પઢમસંઘયણિ
ઉક્કોસય સત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઇ,
નવકોડિહિં કેવલીણ કોડીસહસ્સ નવ સાહૂ ગમ્મઇ,
સંપઇ જિણવર વીસ મુણિ, બિહું કોડિહિં વરનાણ.
સમણહ કોડિ સહસ્સ દુઅ, થુણિસું નિચ્ચ વિહાણિ,
જયઉ સામિ જયઉ સામિ, રિસહ સિરિ સિ–તુંજ,
ઉજ્જિંત પહુનેમિજિણ, જયઉવીર સચ્ચઉરિ મંડણ
ભરૂઅચ્છહિં મુણિસુવ્વય, મુહરિ પાસ દુહ દુરિઅ-
ખંડણ, અવર વિદેહિં તિથ્થયરા, ચિહું દિસિ વિદિસિ

જિંકેવિ, તીઆણાગય સંપઇય, વંદુ જિણ સવ્વેવિ
સત્તાણવઇસહસ્સા, લખ્ખા છપ્પન્ન અટ્ઠ કોડીઓ,
પંચસયા ચઉત્તીસા, તિઅલોએ ચેઇએ વંદે.

ત્યાર પછી એકથી ચાર સુધી સ્તવનો બોલવાં સ્તવન બોલ્યા પછી ઉભા થઈને ઉપસર્ગહર સ્તોત્ર બોલવું.

અથ ઉપસર્ગહર સ્તોત્ર.

ઉવસગ્ગહરં પાસં, પાસં, વંદામિ કમ્મઘણમુક્કં,
વિસહર વિસનિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં,
વિસહર ફુલિંગમંતં, કંઠે ધારેઈ જો સયામણુઓ.
તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠજરા જંતિ ઉવસામં,
ચિટ્ઠઉ દુરે મંતો, તુઝ્ઝ પણામોવિ, બહુ ફલો હોઇ,
નર તિરિયેસુવિ જીવા, પાવંતિ ન દુખ્ખ દોહગ્ગં,
તુહ સમ્મત્તે લધ્ધે, ચિંતામણિ કપ્પપાયવબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરં ઠાણં.
ઇઅસંથુઓ મહાયશ ભત્તિબ્ભરનિબ્ભરેણ હિઅએણ
તા દેવ દિજ્જબોહિં, ભવે ભવે પાસ જીણચંદ.

અથ જંકિંચિ.

જંકિંચિ નામ તિથ્થં, સગ્ગે પાયાલિ તિરિય લોગંમિ
જાઈ જિણબિંબાઈ તાઇ સવ્વાઈ વંદામિ

એ મુજબ બોલ્યા પછી પ્રથમ માફક બેસીને નમુથ્થુણં (શક્રસ્તવન) કહેવું.

અથ નમુથ્થુણં—શક્રસ્તવન.

નમુથ્થુણં, અરિહંતાણં ભગવંતાણં, આઇગરાણં, તિથ્થયરાણં, સયંસંબુદ્ધાણં, પુરિસુત્તમાણં, પુરિસસિહાણં પુરિસવર પુંડરીઆણં પુરિસવર ગંધહથ્થીણં, લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિઆણં લોગપઇવાણં, લોગપજ્જોઅગરાણં, અભયદયાણં, ચખ્ખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં ધમ્મદયાણં, ધમ્મદેસિયાણં, ધમ્મનાયગાણં ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં, અપ્પડિહયવરનાણદંસણધરાણં, વિઅટ્ટછઉમાણં, જિણાણં જાવયાણં, તિન્નાણં, તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં, સવ્વન્નૂણં સવ્વદરિસણં, સિવ મયલ, મરૂઅ મણંત, મખ્ખય મવ્વાબાહ મપુણરાવિત્તિ સિદ્ધિગઇ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જીઅભયાણં જે અઅઇઆ સિદ્ધા, જે અભવિસ્સંતિણાગએ કાલે, સંપઇઅ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ.

ઉભા થઇને તીર્થ સ્તુતિ કરવી.

અથ તીર્થ સ્તુતિ.

જે અઇયા તિથ્થયરા જે ભવિસંતિ અણાગએ કાલે
જે આવિતવટ્ટમાણા, તે સવ્વે ભાવઓ નમિમો.
સુરકયમણુયકયં વા ભુવનગતિગે સાસયંચ જંતિથ્થં
તં સયલમિહડિઓ વિહુ, મણ વયણ તણુહિ પણમામિ
જથ્થય જીણાણં જમ્મો,
દિખ્ખા નાણંચ નિસિહિયા જથ્થ,
જાયંચ સમોસરણા, તાઓ ભૂમિઓ વંદામિ,
એવમસાસય સાસય, પડિમા થુણિયા જીણંદ ચંદાણ
સિરિમંમહિણિંદભુવણિંદ, ચંદમુણિવિંદથુઅમહિઆ

અથ સ્તુતિ કાવ્ય.

દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપ નાશનં;
દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનં.

અર્હન્તો ભગવંત ઇંદ્રિમહિતા, સિદ્ધાશ્ચ સિદ્ધિ સ્થિતા;
આચાર્યાજીન શાસનોન્નતિંકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકા,
શ્રીસિદ્ધાંતસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકા.
પંચૈતે પરમેષ્ટિનઃ પ્રતિદિનં કુર્વંતુ વો મંગલં.
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમ પ્રભુ;
મંગલં સ્થુલીભદ્રાદ્યા, જૈનો ધર્મોસ્તુ મંગલં.

અષ્ટાપદે શ્રી આદિજીનવર વીર પાવાપુરિવરૂ;
વાસુપૂજ્ય ચંપા નયરસિદ્ધા. નેમ રેવાગિરિવરૂ.
સમેતશિખરે વીશ જીનવર, મોક્ષ પહોતા મુનિવરૂ;
ચોવીશ જીનવર નિત્ય વંદુ સયલ સંઘસુહં કરૂ.

સકલકુશલવલ્લિપુષ્કરાવર્તમેઘો,
દુરિતતિમિરભાનુઃ, કલ્પવૃક્ષોપમાનઃ.
ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિહેતુઃ,
સ ભવતુ ભવતાં ભો ! શ્રેયસે પાર્શ્વનાથઃ !

વીરઃ સર્વસુરાસુરેંદ્રમહિતો વીરં બુધાઃ સંશ્રિતાઃ
વીરેણાભિહતઃ સ્વકર્મનિચયો વીરાય નિત્યં નમઃ
વીરાત્તીર્થમિદં પ્રવૃત્તમતુલં વીરસ્ય ઘોરં તપો.
વીરે શ્રીધૃતિકીર્તિ કાંતિ નિચયઃ શ્રીવીર ભદ્ર દિશ.

અથ આરતિ.

પેહેલી આરતી પ્રથમ જિણંદાં,
શત્રુંજય મંડણ ઋષભ જિણંદા,
શ્રી સિદ્ધાચલ તીર્થે આવ્યા.
પૂરવ નવાણું ભવિક મન ભાવ્યા.
આરતી કીજે શ્રી જિનવરકી,
દુસરી આરતી શાંતિ જિણંદકી,
શાંતિ કરે પ્રભુ શિવ મારગકી,
પારેવો જેણે શરણે રાખ્યો,
કેવલ પામીને ધર્મ પ્રકાશ્યો. આરતી૦
તીસરી આરતી શ્રી નેમનાથ,
રાજુલ નારી તારી નિજ હાથ,
સહસ પુરૂષશું સંયમ લીધો,
કરી નિજ આતમ કારજ સીધો, આરતી

ચોથી આરતી ચિહુંગતિ વારી,
પારસનાથ ભવિક હિતકારી,
ગોડીપાસ સંખેસરો પાસ,
ભવિજનની પૂરે મન આશ. આરતી૦

પાંચમી આરતી શ્રીમહાવીર;
મેરૂ પરે જિમ રહ્યા ધીર,
સાડાબાર વરસ તપ તપીયા,
કર્મ ખપાવીને શિવપુર વસિયા. આરતી૦

ઇણિપરે પ્રભુજીની આરતી કરશે,
શુભપરિણામે શિવપુર વરશે,
કર જોડી સેવક એમ બોલે,
નહીં કોઇ મારા જીનજીને તોલે. આરતી૦

અથ મંગલિક દીપક.

દીવોરે દીવો મંગલિક દીવો,
આરતી ઉતારીને બહુ ચિરંજીવો. દી૦
સોહામણું ઘર પર્વદીવાલી,
અંબર ખેલે અમરાબાલી, દી૦
દેવપાલ ભણે ઇણે દેવ અજુઆલી,
ભાવે ભગતે વિઘ્ન નિવારી. દી૦

દેવપાલ ભણે ઇણે કલિકાલે,
આરતી ઉતારી રાજા કુમારપાલે. દી૦

એમ ઘર મંગલિક જે ઘર મંગલિક,
ચતુર્વિધ સંઘ ઘર મંગલિક દીવો. દી૦

અથ શ્રીજિનસ્તુતિ.

ભવ ભવ તુંમહિજ દેવ, ચરણ તોરાં ધરૂં;
ભવસાગરથી તાર, અરજ આવી કરૂં,
પ્રભુ દર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવનિદ્ધિ
પ્રભુદર્શનથી પામીયે સકલ પદારથ સિદ્ધિ.
જગતૂસ્વામી મોક્ષગામી, મોક્ષગામી સુખકરો;
પ્રભુઅજરઅમરઅખંડનિર્મલ, મોહમિથ્યા તમહરો.
દેવાધિદેવા ચરણ સેવા, નિત્ય મેવા આપીયે;
નિજદાસ જાણી દયા આણી, આપ સમોવડ થાપીયે,
અનુભવરત્ન ચિંતામણિ, અનુભવસિદ્ધ સ્વરૂપ.
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ કેવલરૂપ.
શ્રી અનંતનાથ પ્રગટ પરમેશ્વર;
અલિય વિઘ્ન સવિ દૂર કરે.

વાટ વાટ સમરે જે સાહેબ, ભય ભંજન ચકચુર કરે,
લીલાલચ્છી દાસ તુમારો કોઇ પૂજે કોઇ અરજ કરે.
પ્રભુ નજર કરીને નિરખો સાહેબ;
તુમ સેવક અરદાસ કરે,
આબુ અષ્ટાપદ ગિરનાર, સમેતશિખર શત્રુંજય સાર
પંચે તિરથ ઉત્તમ ઠામ, સિદ્ધિ ગયા તેને કરૂં પ્રણામ

શ્રી ગુરૂ વાંદણા પ્રકરણ.

શ્રીમુનિમહારાજ પાસે જવું ત્યારે પ્રથમ બે વખત ખમાસમણા દેવા, ત્યારબાદ ઉભા થઇને મુનિમહારાજને સુખ-શાતા પુછવી, તે નીચે મુજબ:—

ઇચ્છકાર, સુહરાઈ, સુહદેવસિ, સુખ તપ સરીર નિરાબાધ, સુખ સંજમ યાત્રાનિર્વહોછોજી? સ્વામી શાતા છે જી!

(ગુરૂમહારાજ દેવગુરૂ પસાયેજી, એવો ઉત્તર આપે ત્યાર પછી)

મથ્થએણ વંદામિ.

કહી માથું નમાવી પગે લાગવું, અને ઉભા રહીને આજ્ઞા લેવી કે:—

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્, અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં ખામેઉં ?

ગુરૂ મહારાજ આજ્ઞા કરે ત્યારે 'ઇચ્છં' કહીને વાંદણા દેવાની પેઠે નીચા નમીને જમણો હાથ ભોંય ઉપર અવળો આગળ ધરવો અને ડાબા હાથ વડે મોં આગળ કપડું ધરીરાખી નીચે પ્રમાણે બોલવું:—

ઇચ્છં ખામેમિ*દેવસિઅં જંકિંચિઅપત્તિઅંપરપત્તિઅં ભત્તે પાણે વિણએ વેઆવચ્ચે આલાવે સંલાવે; ઉચ્ચાસણે સમાસણે અંતરભાસાએ ઉવરિભાસાએ જંકિંચિ મજઝ વિણયપરિહીણં સુહુમંવા બાયરં વા; તુબ્ભે જાણહ અહં ન યાણામિ તસ્સ મિચ્છામિ દુક્કડં

એ પ્રમાણે બોલીને ઉભા થઇ પગે લાગવું.

---

* સવાર હોય તો 'રાઇયં' કહેવું રાત્રી કે સાંજ હોય તો 'દેવસીયં' કહેવું.

પચ્ચખ્ખાણ.

નમુક્કારસહિઅં—પચ્ચખ્ખાણ.

સૂરે ઉગ્ગએ નમુક્કારસહિઅં પચ્ચખ્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં અસણં, પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં વોસિરઈ.

પોરિસિ—સાઢ્ઢપોરિસિ પચ્ચખાણ.

સૂરે ઉગ્ગએ પોરિસિં સાઢ્ઢપોરિસિં પચ્ચખ્ખાઈ ચઉવ્વિહંપિ આહારં અસણં, પાણં ખાઈમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં, પચ્છન્નકાલેણં દિસામોહેણં, સાહુવયણેણં સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઈ.

તિવિહાર ઉપવાસ—પચ્ચખ્ખાણ.

સૂરે ઉગ્ગએ અભત્તઠ્ઠં પચ્ચખ્ખાઈ તિવિહંપિ આહારં, અસણં ખાઇમં સાઇમં અન્નથાણાભોગેણં સહસાગારેણં પારિઠાવણિઆગારેણં મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં પાણહાર નમુક્કારસહિયં પોરિસં સાઢપોરિસિં પચ્ચખ્ખાઈ, ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં, અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણ પાણસ્સ લેવેણ વા અલેવેણ વા અચ્છેણ વા બહુલેવેણ વા, સસિથ્થેણ વા, અસિથ્થેણ વા, વોસિરઈ.

ચઉવિહાર પચ્ચખ્ખાણ

દિવસચરિમં પચ્ચખાઈ ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઇમં સાઇમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહુત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરઇ.

શ્રી વિધિપક્ષ ગચ્છીય.

દેવસિક તથા રાઈ પ્રતિક્રમણ

પ્રતિક્રમણના સૂત્રપાઠો લખતાં પહેલાં સામાયિક પ્રતિક્રમણ વિષે સહેજ સમજુતી તથા તે વેળા મન, વચન અને કાયાના જે દોષ ટાળવા જોઇએ તે પ્રથમ બતાવી સૂત્રપાઠો લખવામાં આવશે, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો લાભદાયક ભાવ જેના વડે ઉપજે તે સામાયિક, સાઠ ઘડીના અહોરાત્ર વ્યર્થ ચાલ્યા જાય છે. અસંખ્યાત દિવસથી ભરેલાં અનંતા કાળચક્ર વ્યતીત કરતાં પણ જે સાર્થક ન થયું તે બે ઘડીના વિશુદ્ધ સામાયિકથી થાય છે. માટે સાઠ ઘડીમાંથી ઓછામાં ઓછી માત્ર બે ઘડી બચાવીને મન–વચન–કાયાના પાપભાવને રોકીને આપણે હંમેશાં સદ્ભાવથી વિધિપૂર્વક સામાયિક કરવું જોઇએ.

આ આત્મા, મન, વચન, અને કાયાના યોગથી અનેક પ્રકારનાં કર્મ બાંધે છે, પ્રતિક્રમણ સૂત્રમાં એનું દોહન કરેલું

છે. જેથી દિવસ રાત્રિમાં થયેલાં પાપનો પશ્ચાતાપ તે વડે થઇ શકે છે. શુદ્ધ ભાવવડે કરી પશ્ચાતાપ કરવાથી લેશ પાપ થતાં, પરલોક. ભય અને અનુકંપા છુટે છે, આત્મા કોમલ થાય છે. ત્યાગવા યોગ્ય વસ્તુનો વિવેક આવતો જાય છે. ભગવત્ સાક્ષીએ અજ્ઞાન આદિ જે જે દોષ વિસ્મરણ થયા હોય, તેનો પશ્ચાતાપ પણ થઈ શકે છે. આમ પ્રતિક્રમણ નિર્જરા કરવાનું ઉત્તમ સાધન છે. તે વડે આત્માની મલિનતા ખસે છે. માટે અવશ્ય કરવા યોગ્ય છે માટે જેમ બને તેમ ધીરજથી સમજાય તેવી ભાષાથી શાંતિથી, મનની એકાગ્રતાથી અને યત્ના પૂર્વક પ્રતિક્રમણ કરવું.

મનના પુદ્ગલ તરંગી છે. સામાયિકમાં જ્યારે વિશુદ્ધ પરિણામથી રહેવું કહ્યું છે ત્યારે પણ એ મન આકાશ પાતાળના ઘાટ ઘડયા કરે છે. તેમજ ભૂલ વિસ્મૃત્તિ, ઉન્માદ વગેરેથી વચન કાયામાં પણ દુષણ આવવાથી સામાયિકમાં દોષ લાગે છે. મન, વચન અને કાયાના થઇને બત્રીસ દોશ ઉત્પન્ન થાય છે, તે જાણવાથી મન સાવધાન રહે છે, માટે નીચે લખ્યા છે.

મનના દશ દોષ;—

૧ અવિવેક દોષ:—સામાયિકનું સ્વરૂપ નહિં જાણવાથી મનમાં એવો બિચાર કરે કે આથી શું ફલ થવાનું હતું ? આથી તે કોણ તર્યું હશે ? એવા વિચારનું નામ અવિવેક દોષ.

૨ યશોવાંછા દોષ:—પોતે સામાયિક કરે છે એમ બીજા મનુષ્યો જાણે તો પ્રશંસા કરે એવી ઇચ્છાએ સામાયિક કરવું તે યશોવાંછા દોષ.

૩ ધનવાંછા દોષ:-ધનની ઇચ્છાએ સામાયિક કરવું, તે ધનવાંછા દોષ.

૪ ગર્વ દોષ:-મને લોકો ધર્મી કહે છે અને હું સામાયિક પણ તેવુંજ કરૂં છઉં, એવો અધ્યવસાય તે ગર્વ દોષ.

૫ ભય દોષ:-હું શ્રાવકકુલમાં જન્મ્યો છઊં, મને લોકો મોટા તરીકે માન દે છે, અને જો સામાયિક નહિ કરૂં તો કહેશે કે આટલી ક્રિયા પણ નથી કરતો એમ નિંદાના ભયથી સામાયિક કરે, તે ભય દોષ.

૬ નિદાન દોષ:-સામાયિક કરીને તેના ફળથી ધન, સ્ત્રી પુત્રાદિક મળવાનું ઇચ્છે તે નિદાન દોષ.

૭ સંશય દોષ:-સામાયિકનુ ફળ હશે કે નહિ હોય એવો વિકલ્પ કરે તે સંશય દોષ.

૮ કષાય દોષ:-સામાયિક ક્રોધાદિકથી કરવા બેસી જાય. કિંવા પછી ક્રોધ, માન, માયા, લોભમાં વૃત્તિ કરે, તે કષાય દોષ.

૯ અવિનય દોષ:-વિનયવગર સામાયિક કરે તે અવિનય દોષ.

૧૦ અબહુમાનદોષ.-ભક્તિભાવ અને ઉમંગપૂર્વક સામાયિક ન કરે, તે અબહુમાન દોષ.

વચનના દશ દોષ,

૧ કુબોલ દોષ:-સામાયિકમાં કુવચન બોલવું તે કુવચન દોષ.

૨ સહસાત્કાર દોષ:-સામાયિકમાં સાહસથી અવિચાર પૂર્વક વાકય બોલવું તે સહસાત્કાર દોષ.

૩ અસદારોપણ દોષ:-બીજાને ખોટો બોધ આપે, જેનામાં જે ગુણ ન હોય તેનામાં તે ગુણનું આરોપણ કરે તો અસદારોપણ દોષ.

૪ નિરપેક્ષ દોષ:-સામાયિકમાં શાસ્ત્રની દરકાર વિના વાકય બોલે, તે નિરપેક્ષ દોષ.

૫ સંક્ષેપ દોષ:-સૂત્રના પાઠ ઇત્યાદિક ટુંકામાં બોલી નાખે, અને યથાર્થ ભાખે નહિ, તે સંક્ષેપ દોષ.

૬ કલેશ દોષ:-સામાયિકમાં કોઇથી કંકાસ કરે તે કલેશ દોષ.

૭ વિકથા દોષઃ–ચાર પ્રકારની વિકથા માંડી બેસે તે વિકથા દોષ.

૮ હાસ્ય દોષઃ–સામાયિકમાં કોઈની હાંસી મશ્કરી કરે તે હાસ્ય દોષ.

૯ અશુદ્ધ દોષઃ–સામાયિકમાં સૂત્રપાઠ ન્યૂનાધિક અને અશુદ્ધ બોલે તે અશુદ્ધ દોષ.

૧૦ મુણમુણ દોષઃ–ગડબડ ગોટાથી સામાયિક સૂત્રપાઠ બોલે જે પોતે પણ પુરૂં માંડ સમજી શકે તે મુણ-મુણ દોષ.

કાયાના બાર દોષ.

૧ અયોગ્ય આસન દોષઃ–સામાયિકમાં પગપર પગ ચઢાવીને બેશે, તે શ્રીગુરૂઆદિ પ્રત્યે અવિનયરૂપ આસન તે પહેલો અયોગ્ય આસન દોષ.

૨ ચલાસન દોષઃ–સામાયિક કરવા ડગડગતે આસને બેસે અથવા વારંવાર જ્યાંથી ઉઠવું પડે તેવે આસને બેસે તે ચલાસન દોષ.

૩ ચલદૃષ્ટિ દોષઃ–કાયોત્સર્ગમાં આંખો ચંચળ રાખે તે ચલદૃષ્ટિ દોષ.

૪ સાવદ્ય ક્રિયા દોષઃ–સામાયિકમાં કાંઇ પાપ ક્રિયા કે તેની સંજ્ઞા કરે તે સાવદ્ય ક્રિયા દોષ.

૫ આલબન દોષ:-ભીંતાદિકને ઓઠીંગણુ દઇ બેસે જેથી ત્યાં બેઠેલા જંતુ આદિકનો નાશ થાય કે પીડા થાય. તેમજ પોતાને પ્રમાદની પ્રવૃત્તિ થાય, તે આલંબન દોષ.

૬ આકુંચન પ્રસારણુ દોષઃ–હાથ પગ સંકોચે, લાંબા કરે એ આદિ તે આકુંચન પ્રસારણુ દોષ.

૭ આલસ દોષ:–અંગ મરડે, ટચાકા વગાડે એ આદિ તે આલશ દોષ.

૮ મોટન દોષ:–આંગળી વગેરે વાંકી કરે. ટચાકા વગાડે તે મોટન દોષ.

૯ મલ દોષ:–ઘરડાઘરડ કરી સામાયિકમાં મલ કરી મેલ ખંખેરે તે મલ દોષ.

૧૦ વિમાસણુ દોષ:-ગળામાં હાથ નાખી બેસે ઇત્યાદિ તે વિમાસણુ દોષ.

૧૧ નિદ્રા દોષ:–સામાયિકમાં ઉંઘ આવે, તે નિદ્રા દોષ.

૧૨ વસ્ત્ર સંકોચન દોષ:–સામાયિકમાં ટાઢ પ્રમુખની ભીતિથી વસ્ત્રથી શરીર સંકોચે તે વસ્ત્રસંકોચન દોષ એ બત્રિશ દૂષણુ રહિત સામાયિક કરવું, પાંચ અતિચાર ટાળવા. (શ્રી મોક્ષમાળા.)

સામાયિક કે પ્રતિક્રમણ આદરવા અગાઉ સ્વચ્છ કપડાં પહેરવાં. બેસવાની જગ્યા યત્ના પૂર્વક ચરવલાવડે પુંજીને કટાસણું (પાંછણું) પાથરીને ગુરૂ મહારાજ સામે બેસવું. ગુરૂ મહારાજ ન હોય તો ગુરૂ નિમિત્તે પુસ્તકની સ્થાપના કરવી અને સામાયિક પ્રતિક્રમણ શરૂ કરવું.

દેવસિક પ્રતિક્રમણ.

ચારિત્રાચારની શુદ્ધિ માટે સામાયિક નામે પ્રથમ આવશ્યક.

પ્રથમ ત્રણ ખમાસમણ દેવા, ઉભા થઈને એક નવકાર મંત્ર કહેવો, બાદ સુગુરૂને સુખશાતા પુછવા માટેનો 'ઈચ્છકાર સુહરાઈ' નો પાઠ કહેવો. પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દિવસ સંબંધી સામાયિક ઠાવા ઈરિયાવહિયં પડિક્કમું જી? ગુરૂ મહારાજ 'પડિક્કમેહ' એમ આજ્ઞા કરે ત્યાર પછી 'ઇચ્છં' કહીને બોલવું.

અથ ઇરિયાવહિયં.

ઇચ્છા કારેણ સંદિસહ ભગવન્ ઇરિયા વહિયં પડિકકમામિ ઇચ્છં ઇચ્છામિ પડિકકમિઉં, ઇરિયા વહિયાએ વિરાહણાએ ગમણાગમણે પાણકકમણે બીયકકમણે હરિયકકમણે, ઓસા ઉત્તિંગ પણગ દગ

મટ્ટી મકકડા સંતાણા સંકમણે, જે મે જીવા વિરાહિયા, એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિદિયા, અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિઆવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ, વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુકકડં.

અથ તસ્સઉત્તરી.

તસ્સઉત્તરીકરણેણં, પાયચ્છિતકરણેણં વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણંકમ્માણં, નિગ્ધાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

કાયાથી વ્યાપાર ન કરવાની પ્રતિજ્ઞાનો ભંગ ન થાય તે સારૂ, જેના માટે આપણો કશો ઉપાય કામ લાગે તેમ નથી, તેની છૂટ માટે.

અથ અનથ્થઉસસિએણં—આગાર

અન્નથ્થઉસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં. જંભાઇએણં ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલિએ, પિત્તમુચ્છાએ, સુહુમેહિં અંગસંચાલેહિં,

સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં. એવમાઇએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો, જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં, ન પારેમિ તાવકાયં, ઠાણેણં મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ

ઈહાં એક લોગસ્સનો મનમાં કાઉસ્સગ્ગ કરવો; પછી લોગસ્સ પ્રગટ કહેવો.

અથ લોગસ્સ—ચઉવિસથ્થો.

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મ તિથ્થયરે જીણે; અરિહંતે કિત્તઇસ્સં ચઉવીસંપિ, કેવલી, ઉસભમજિયં ચ વંદે, સંભવમભિણંદણં ચ, સુમઇંચ; પઉમપ્પહં, સુપાસં, જીણંચચંદપ્પહંવંદે સુવિહિચપુપ્ફદંતં, સીઅલ સિજ્જંસવાસુપુજ્જં ચ વિમલ મણંતંચ જિણં; ધમ્મંસંતિં ચ વંદામિ. કુંથુંઅરંચ મલ્લિં, વંદે, મુણિસુવ્વયં નમિજીણં ચ, વંદામિ રિઠ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ, એવંમએ

અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા, ચઉવીસંપિ જિણવરા તિથ્થયરામે પસીયંતુ. કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિધ્ધા, આરૂગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમંદિંતુ, ચંદેસુ નિમ્મલયરા, આઇચ્ચેસુઅહિયં, પયાસયરા, સાગરવર ગંભીરા, સિધ્ધાસિદ્ધિં મમદિસંતુ.

પછી ઉભા રહીનેજ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ગમણાગમણ આલોઉં જી?

અથ ગમણાગમણ.

મારગને વિષે, જાતાં આવતાં પૃથ્વીકાય, અપ્પકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય, નીલ, ફુલ, માટી, પાણી, કણ, કપાશીઆ, સ્ત્રી* આદિક તણો સંઘટ્ટ હુવો હોય તે સવિ હું મન, વચન, કાયાયે કરી મિચ્છામિ દુકકડં.

ઇચ્છાકરેણ સંદિસહ ભગવન્! સામાયિક ઠાવા ત્રણ

---

* સ્ત્રીઓએ 'પુરૂષ' શબ્દ વાપરવો.

નવકાર ગણું જી. એમ કહી હેઠા બેસીને ત્રણ નવકાર ગણવા તે ગણીને પછી ઉભા થઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્, જીવરાશિ ખમાવું જી. એમ કહીને બોલવું.

અથ જીવરાશિ.

સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્પકાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય ચઉદ લાખ સાધારણ વનસ્પતિકાય બે લાખ બેઇંદ્રિ, બે લાખ તેઇંદ્રિ, બે લાખ ચઉરિંદ્રીં, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેંદ્રી ચઉદ લાખ મનુષ્યના ભેદ, એવંકારે ચઉદ રાજ ચોરાસી લક્ષ, જીવાયોનિ માંહે મહારે જીવે જિકો કોઇ જીવ દૂહવ્યો હોય, વિરાધ્યો હોય, દુહવાવ્યો હોય, દુહવતાં પ્રતિઅનુમોદ્યો હોય, તે સવિ, હું મન, વચન. કાયાયે કરી તસ્સ મિચ્છામિ દુકકડં.

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! અઢાર પાપસ્થાનક આલોઉંજી. એમ કહીને બોલવું.

અથ અઢાર પાપ સ્થાનક.

પહેલે પ્રાણાતિપાત; બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ છઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દશમે રાગ, અગ્યારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન ચૌદમે ચાડી, પન્નરમે રતિ અરતિ, સોળમે પરપરિવાદ, સત્તરમે માયા મૃષાવાદ, અઢારમે મિથ્યાત્વશલ્ય, એ અઢારે પાપસ્થાનકમાંહી જે કોઇ પાપસ્થાનક મ્હારે જીવે સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યાં હોય, તે સવિહું મન, વચન કાયાયે કરી તસ્સ મિચ્છામિ દુક્કડં

એ પ્રમાણે આલોયણા લઇને શુદ્ધ થયા પછી ગુરૂ સ્થાપના નિમિત્તે પંચિંદિય કહિએ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ગુરૂસ્થાપના કરૂં જી.

અથ પંચિંદિય

પંચિંદિય સંવરણો, તહ નવવિહ બંભચેર ગુત્તિધરો; ચઉવિહ કસાયમુક્કો, ઇય અઠ્ઠારસગુણેહિં

સંજુત્તો પંચ મહવ્વયજુત્તો; પંચવિહાયાર પાલણ સમત્થો; પંચસમિઓ, તિગુત્તો, છત્તીસગુણેહિં ગુરૂ મજઝ.

એ પ્રથમ ખમાસમણ થયું. પછી ખમાસમણ પૂર્વક નીચે બેસીને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ ધારૂંજી:—

અથ દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવ.

દ્રવ્યથકી લુગડાં લત્તાં, ઘરેણાં ગાંઠાં પાથરણુ નવકારવાલી ધાર્યા પ્રમાણે મોકળાં છે; ક્ષેત્ર થકી ઉપાશ્રયના બારણાની માંહેલી કોરે; કાલથકી, સામાયિક નીપજે તિહાં સુધી; ભાવ થકી યથાશકિત રાગદ્વેષે રહિત, વ્રતી સંઘાતે બોલવું. ગુરૂ આદિક સંઘાતે બોલવાનો આગાર છે. અવ્રતી સંઘાતે બોલવાનું પચ્ચખ્ખાણ છે, એ રીતે છ કોટિએ કરી સામાયિક કરૂં, સામાયિકવ્રત ઉચ્ચાર કરવા એક નવકારનો કાઉસ્સગ્ગ કરૂંજી.

એમ કહી ઉભા થઇને એક નવકાર ગણુવો પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્? સામાયિકવ્રત ઉચ્ચાર કરાવોજી. એમ આજ્ઞા લેવી. (સંવરમાં પ્રવેશ.)

અથ સામાયિકનું પચ્ચખ્ખાણ.

કરેમિ ભંતે સામાઇયં, સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ જાવ નિયમં પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં-મણેણં, વાયાએ, કાએણં ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે પડિક્કમામિ નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

એ સામાયિક કરતાં ચારિત્રાચાર શુદ્ધ થાય એ પહેલું સામાયિક નામે આવશ્યક અને બીજું ખમાસમણ પુરૂં થયું

દર્શનાચારની શુદ્ધિ માટે 'ચઉવિસથ્થો' નામે બીજું આવશ્યક.

પછી ઉભા થકાજ ઇચ્છામિ ખમાસમણ પૂર્વક ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ બીજા આવશ્યક ભણી ઈરિઆવહિયં પડિક્કમુંજી. એમ કહી ઇરિઆવહિયં પડિક્કમિ; તસ્સઉત્તરી કહેવી. પછી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી લોગસ્સ પ્રગટ

કહેવો એ લોગસ્સ કહેવાથી દર્શનાચાર નિર્મલ થાય. એ બીજું ચઉવિસથ્થો નામે આવશ્યક અને ત્રીજું ખમાસમણ પુરું થયું.

જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધિ અર્થે 'ગુરૂવંદનક' નામે ત્રીજું આવશ્યક.

પછી ઇચ્છામિ ખમાસમણ પૂર્વક હેઠા બેસીને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! છેડાનુ પડિલેહણ કરૂંજી. એમ કહી દૃષ્ટિ પડિલેહણને અર્થે ઉત્તરાસંગના છેડાનું પડિલેહણ કરવું એટલે છેડાથી પગ અને આસન પુંજવાં પછી ઉભા થઈને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્, ગુરૂ વિનય માટે ત્રીજા આવશ્યક ભણી વાંદણાં કરૂંજી.

અથ આવશ્યક વાંદણાં.

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં, જાવણિજ્જાએ, નિસીહિઆએ, અણુજાણહ, મે, મિઉગ્ગહં, નિસીહિ, અહોકાયં, કાયસંફાસં, ખમણિજ્જો ભે, કિલ્લામો, અપ્પકિલંતાણં બહુ સુભેણ, ભે, દિવસો વઇકકંતો જત્તા ભે, જવણિજ્જં, ચ, ભે, ખામેમિ ખમાસમણો.

દેવસિયં, વઇક્કમં. આવસિઆએ પડિક્કમામિ, ખમાસમણાણં, દેવસિઆએ આસાયણાએ, તિત્તિસન્નયરાએ જંકિંચિ, મિચ્છાએ, મણદુક્કડાએ, વયદુક્કડાએ, કાયદુક્કડાએ, કોહાએ, માણાએ માયાએ, લોહાએ, સવ્વકાલિઆએ, સવ્વમિચ્છોવયારાએ, સવ્વધમ્માઇક્કમણાએ અસાયણાએ જો, મે, દેવસિઓ અઇઆરો, કઓ, તસ્સ, ખમાસમણો, પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ અપ્પાણં, વોસિરામિ.

એમ ગુરૂ સમીપે વાંદણાં બે દેવાં. ત્યાં બીજી વારને વાંદણે " આવસિઆએ " એ પદ ન કહેવું અને રાઇપડિક્કમણે 'રાઇઓવઇક્કંતો,' પખ્ખીએ 'પખ્ખીઓ વઇક્કંતો' ચઉમાસિએ ચઉમાસિઓ વઇક્કંતો અને સંવત્સરિએ સંવચ્છરો વઇક્કંતો કહેવું. એ વાંદણાં દેતાં જ્ઞાનાદિ ત્રણે નિર્મલ થાય. અહિં પોતાને મુખે, સંધ્યા હોય તો ચઉવિહાર અને સવાર હોય તો નવકારસી પ્રમુખનું પચ્ચખ્ખાણ મનને ભાવે ધારવું. તેથી તપાચાર નિર્મલ થાય. એ ત્રીજું વંદનકાવશ્યક અને ચોથું ખમાસમણ પુરૂં થયું.

અતિચારની આલોયણાને અર્થે 'પ્રતિક્રમણ' નામે ચોથું આવશ્યક.

પછી ઉભા થઇને ઇચ્છામિ ખમાસમણ પૂર્વક ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચોથા આવશ્યક ભણી અતિચાર આલોવું જી. એમ આજ્ઞા માગ્યા પછી પ્રથમ 'નવકાર' કહેવો અને પછી ઇચ્છં બોલીને અતિચાર ભણવા તે.

અથ લઘુ અતિચાર.

અરિહંતદેવ, સુસાધુગુરૂ, જિનપ્રણીતધર્મ, ભાવતો સમકિત પ્રતિપાલું; દ્રવ્યતો લૌકિક લોકોત્તર દેવગત, ગુરૂગત, પર્વગત, મિથ્યાત્વવિષે જયણા કરૂં એ શ્રી સમક્તિતણા પાંચ અતિચાર શોધું. શંકા, કંખા, વિતિગિચ્છા, પરપાખંડીપરસંસા, પર પાખંડીસંથુઓ,એ પાંચ અતિચારમાંહે જિકો કોઇ અતિચાર હુઓ હોય, તે સવિ હું મન, વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

૧. બાર વ્રતમાંહે પહેલું પ્રાણાતિપાતવિરમણ વ્રત, સ્થૂલ બેઇંદ્રિયાદિક ત્રસ જીવ નિરપરાધ ઉપેત-કરણ સંકલ્પી કરી હણવા નિયમ, આરંભે જયણા એ પહેલા પ્રાણાતિપાતવિરમણવ્રત તણા પાંચ અતિ-ચાર શોધું. બંધે, વહે. છવિચ્છેએ, અઇભારે ભત્ત પાણવુચ્છેએ એ પાંચ અતિચાર૦

૨. બીજું સ્થુલમૃષાવાંદવિરમણવ્રત. પંચવિધ કન્નાલીએ, ગોવાલીએ, ભૂમાલીએ, નાસાવહારે, કૂડસખ્ખિજ્જે, એ પાંચ મોટકાં કૂડાં આપણને કાજે, સ્વજનને કાજે, ધર્મને કાજે મુકી, પરકાજે કુડુ બોલવા નિયમ, સૂક્ષ્મઅલિક તણી જયણા કરૂં એ બીજા૦ સહસ્સાભખ્ખાણે, રહસ્સાભખ્ખાણે, સદારામંતભેએ, મોસોવએસે, કુડલેહકરણે, એ પાંચ૦

૩. ત્રીજું સ્થુલઅદત્તાદાન વિરમણવ્રત. સચિત્ત, અચિત્ત, રાજનિગ્રહ કારિઉં, પિઆરૂં અણ-દીધું લેવા તિયમ, સક્ષ્મ તૃણ, ઇંધણ, પથિપતિત

વ્યવહારનિયોગે, કૂડાણુચોરીજયણા. એ ત્રીજા૦ તેનાહડે, તક્કરપઓગે, વિરૂદ્ધરજ્જાઇક્કમે, કુડતુલ, કુડમાણે તપ્પડિરૂઅગવવહારે, એ પાંચ૦

૪. ચોથું શીલવ્રત, યથાશકતે, *સ્વાદારા સંતોષ; પરદારાવિવર્જના રૂપ, એ ચોથા૦ ઇત્તરપરિગ્ગહિયાગમણે, અપરપરિગ્ગહિયાગમણે, અનંગક્રીડા પરવિવાહકરણે, કામભોગતિવ્વાભિલાસે, એ પાંચ૦

૫. પાચમું પરિગ્રહપરિમાણવ્રત નવવિધ, ખિત્ત, ઘર હટ્ટ, વાડિય, કુત્રિય, ધણ ધન્ન, હિરણ્ણ સુવણ્ણ, અઇપરિમાણ, દુપ્પય, ચઉપ્પય, મિય, નવવિહ પરિગ્ગહ વયંતો. એ પાંચમાં૦ ખિત્ત વત્થુપ્પમાણાઇક્કમે, હિરણ્ણસુવણ્ણપ્પમાણાઇક્કમે, ધણધન્નપમાણાઇક્કમે, દુપ્પયચઉપ્પયપ્પમાણાઇક્કમે, કુવિયપ્પમાણાઇક્કમે. એ પાંચ૦

૬. છઠ્ઠું દિસિવ્રત, ત્રીવિધે જાણવું. ઉઢ્ઢદિસિવએ, અહો દિસિવએ, તિરિયદિસિવએ. એ છઠ્ઠા૦

* સ્રીઓએ દારાને બદલે પતિ શબ્દ વાપરવો.

ઉડ્ઢદિસિપ્પમાણાઇક્કમે, અહોદિસિપ્પમાણાઇક્કમે, તિરિયદિસિપ્પમાણાઇક્કમે, ખિત્તવુડ્ઢિ, સયંતરદ્ધા, એ પાંચ૦

૭. સાતમું ભોગોપભોગવ્રત. દ્વિવિધ, ભોજનતઃ કર્મતશ્ચ, તત્ર ભોજનતઃ સચિત્તદવ્વ વિગઇ, ઉવાણ તંબોલ, ચીર, કુસુમેસુ; વહાણ, સયણ, વિલેવણ, બંભ દિસિ, નહાણ, ભ-તેસુ. એ સાતમા૦ સચિત્ત આહારે, સચિત્ત પડિબધ્ધઆહારે, અપ્પોસહિભખ્ખ ણયા, દુપ્પોસહિભખ્ખણયા, તુચ્છોસહિભખ્ખણયા-એ પાંચ અતિચાર૦

કર્મતો પન્નરે કર્માદાન. ઇંગાલ કમ્મે, વણ કમ્મે, સાડી કમ્મે, ભાડી કમ્મે, ફોડી કમ્મે, દંત, વાણિજ્જે, લખ્ખ વાણિજ્જે, રસવાણિજ્જે, વસ-વાણિજ્જે, કેસ વાણિજ્જે, જંતપીલણ કમ્મે, નિલ્લં-છણકમ્મે, દવગ્ગિદાવણયા, સરદહતલાવસોસણયા અસઇપોસણયા, એ પન્નર કર્માદાન સ્થુલનિયમ સૂક્ષ્મતણી જયણા. એ પન્નર૦

૮. આઠમું અનર્થદંડવિરમણવ્રત. ચતુર્વિધ અ વજ્ઝાણાયરિએ, પ્પમાયાયરિએ, હિંસપ્પયાણે પા વકમ્મોવએસે. એ આઠમાં૦ કંદપ્પે, કુકકુઇએ, મુહરિએ, સંજુત્તાહિગરણે, ઉવભોગપરિભોગઅઇરેગે. એ પાંચ૦

૯ નવમું સામાઇકવ્રત. સામાઇયનામ. સાવજ્જજોગપરિવજ્જણં, નિરવજ્યજોગઆસેવણંચ એનવમાં૦ મણદુપ્પણિહાણે, વયદુપ્પણિહાણે. કાયદુપ્પણિહાણે, સામાઇસ્સઅકરણયા, સામાઇસ્સ અણવુઠ્ઠિયસ્સ કરણયા એ પાંચ૦૯

૧૦ દશમું દેશાવગાસિકવ્રત. દિસિવયગહિયસ્સ દિસાપરિમાણસ્સ પઇદિણ પરિમાણકરણં એ દશમાં૦ આણવણપ્પઓગે, પેસવણપ્પઓગે, સદાણુવાઇ, રૂવાણુવાઇ બહિયાપુગ્ગલપખ્ખેવે એ પાંચ૦

૧૧ અગીઆરમું પૌષધવ્રત. ચિહું ભેદે જાણવું. આહારપોસહે, સરીરસક્કારપોસહે, બંભચેર પોસહે. અવ્વાવાર પોસહે, એ અગીઆરમા૦ અપ્પડિલે-

હિય દુપ્પડિલેહિય સિજ્જાસંથારે, અપ્પમજ્જિઅ દુપ્પમજ્જિય સિજ્જાસંથારે અપ્પડિલેહિય દુપ્પડિલેહિય ઉચ્ચારપાસવણભુમિ, અપ્પમજ્જિઅ દુપ્પમજ્જિઅ ઉચ્ચારપાસવણભૂમિં, પોસહોવવાસસ્સ, સમ્મં અણુપાલણયા. એ પાંચ૦

૧૨ બારમું અતિથિસંવિભાગવ્રત. અતિથિસંવિભાગો નામ. નાયાગયાણં, કપ્પણિજ્જાણં, અન્નપાણાણં દવ્વાણં દેસકાલસદ્ધસક્કાર કમ્મજ્જુએ પરાઇભત્તિએ, આયાણુગ્ગહબુદ્ધિએ, સંજયાણં દાણં એ બારમા૦સચિત્તનિખ્ખેવણયા, સચિત્તપિહણયા, કાલાઇક્કમદાણે, 'પરોવએસે, મચ્છરયા. એ પાંચ૦

સંલેષણા તણા પાંચ અતિચાર શોધું. ઇહલોગાસંસપ્પઓગે પરલોગાસંસપ્પઓગે. જીવિઆસંસપ્પઓગે મરણાસંસપ્પઓગે. કામભોગાસંસપ્પઓગે. એ પાંચ૦

એવંકારે શ્રીસમકિતમૂલ બારવ્રતવિષે પંચ્યાશી અતિચારમાંહે જિકો કોઇ અતિચાર, અનાચાર, અતિક્રમ, વ્યતિક્રમ હુઓહોય તથા જાણતે. અજાણતે, સૂક્ષ્મ, બાદર, કાનોમાત્ર, મિંડી, પદ, અક્ષર, ઓછો અધિકો, હલવો, ભારી, આગલ, પાછલ, કહયો કહેવાણો હોય, તે સવિ હું મન વચન, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

॥ દેસાવગાસિઅં ઉવભોગં, પરિભોગં, પચ્ચખામિ, અન્નત્થણાભોગેણં સહસ્સાગારેણં મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરામિ.

એ ચોથું પડિક્કમણ નામે આવશ્યક અને પાંચમું ખમાસમણ પુરૂં થયું.

પ્રાયશ્ચિત માટે 'કાઉસ્સગ નામે પાંચમું આવશ્યક.

ઇચ્છામિ ખમાસમણ પૂર્વક હેઠા બેસીને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂંજી. એમ કહીને 'ઇચ્છં' "જયજય મહાપ્રભુ" એ ચૈત્યવંદન કહેવું. તે કહીને ચાર

સ્તવન અથવા અઠ્ઠોત્તરિ તીર્થમાલા કહેવી. પછી ઉભા થઇને "ઉવસગ્ગહરં" કહેવું. પછી નીચા બેસીને 'નમુથ્થુણું' કહેવું એ છઠ્ઠું ખમાસમણુ પુરૂં થયું, ઇચ્છામિ ખમાસમણપૂર્વક ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ગુરૂવંદના કરૂંજી.

અથ ગુરુ વંદના.

અઢ્ઢાઇજ્જેસુ દીવસમુદ્દેસુ, પન્નરસસુ કમ્મભુમિસુ.
જાવંતી કેવિ સાહૂ, રયહરણગુચ્છ પડિગ્ગહધારા.
પંચમહવ્વયધારા, અઠ્ઠારસ સહસ્સ સીલંગધારા.
અખ્ખયાયારચરિત્તા, તે સવ્વે સિરસા મણસા મથ્થએણ વંદામિ.

પૂજ્જસિરિ અજ્જરખ્ખિય, ગુરૂણો તપટ્ટિ પૂજ્જજયસિંહા
સૂરિસિરિ ધમ્મઘોસા, મહિંદસિંહા તઓ ગુરૂણો.
તપ્પય સિરિસિંહપહા, તેસિંપય અજિયસિંહવર ગુરૂણો.
દેવિંદસિંહ ગુરૂણો તપ્પય સિરિધમ્મપહસૂરિ.
સિરિસિંહતિલયસૂરિ, તપ્પય સિરિમહિંદપહ ગુરૂણો.
સિરિમેરૂતુંગ ગુરૂણો, તપ્પય જયકિત્તિગુરૂરાઓ.
સિરિજયકેસરિસૂરિ, તપ્પય સિદ્ધંતસાયરો સુગુરૂ,
સિરિ ભાવસાગર ગુરૂ, તપ્પય સૂરિગુણનિહાણો.

સિરિધમ્મમૂત્તિસૂરિ, તપ્પય કલ્લાણસાયર મુણિંદો,
સિરિઅમરસાયર ગુરૂ કલ્લાણંકુણઉ સંઘસ્સ.
તપ્પટ્ટિ પુંન્વ પુવ્વય, ભાણુંવિજ્જાયસાયરં સૂરિ,
સિરિ ઉદયસાયર સૂરિ, તપ્પય ગુણમણિ રૂહાણં

શ્રી કીર્તિસાગર સૂરિ, શ્રી પુણ્યસાગર સૂરિ, શ્રી રાજેંદ્ર સાગર સૂરિ, શ્રી મુક્તિસાગર સૂરિ, શ્રી રત્નસાગરસૂરિયં વંદે બિહરમાન શ્રી વિવેકસાગરસૂરિયં વંદે. અચલગચ્છ નાયકં વંદે, વિધિપક્ષગચ્છનાયકં વંદે. પહેલે પાટે સુધર્મા સ્વામી, બીજે પાટે જંબૂ સ્વામી, ત્રીજે પાટે પ્રભવ સ્વામી, ચોથે પાટે સિજ્જંભવભૂરિ, પાંચમે પાટે યશોભદ્રસૂરિ, છઠ્ઠે પાટે સંભૂત્તિવિજયસૂરિ, સાતમે પાટે ભદ્રબાહુસ્વામી, આઠમે પાટે સ્થૂલિભદ્રસ્વામી, એવા પાટાનું પાટ છેલ્લા શ્રી દુઃપ્રસહ નામા આચાર્ય થશે. તેને મહારી એકસોને આઠવાર ત્રીકાલ વંદના હોજો. એ સાતમું ખમાસમણ થયું

ઇચ્છામિ ખમાસમણ પૂર્વક ઇચ્છારેણ સંદિસહ ભગવન્! સજ્ઝાય કહું, સજ્ઝાય સાંભલુંજી. અહીં નવકાર કહીને સજ્ઝાય કહેવી.

અથ સજ્ઝાય.

અરિહંતા મંગલં મુજ્ઝ, અરિહંતા મુજ્ઝ દેવયા;
અરિહંતા કિત્તિયં તાણું, વોસિરામિત્તિપાવગં. ૧
સધ્ધા ય મંગલ મુજ્ઝ, સિધ્ધાય મુજ્ઝ દેવયા;
સિધ્ધાય કિત્તિયં તાણું, વોસિરામિત્તિ પાવગં. ૨
આયરિયા મંગલં મુજ્ઝ, આયરિયા મુજ્ઝદેવયા;
આયરિયા કિત્તિયં તાણું, વોસિરામિત્તિપાવગં ૩
ઉવજ્ઝાયા મંગલં મુજ્ઝ, ઉવજ્ઝાયા મુજ્ઝદેવયા;
ઉવજ્ઝાયા કિત્તિયં તાણું, વોસિરામિત્તિપાવગં. ૪
સાહૂય મંગલંમુજ્ઝ, સાહૂય મુજ્ઝ, દેવયા;
સાહૂય કિત્તિયં તાણું, વોસિરામિન્તિપાવગં ૫
એ પંચેમંગલં મુજ્ઝ, એ પંચે મુજ્ઝ દેવયા;
એ પંચે કિન્તિયં તાણું વોસિરામિન્તિપાવગં. ૬
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો;
મંગલાણું ચ સવ્વેસિં, પઢમં હોઇ મંગલં. ૭

પછી ઉભા થઈને ઇચ્છામિ ખમાસમણ પૂર્વ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ! પાચમાં આવશ્યક ભણી દૈવસિક પ્રાયશ્ચિત વિશોધનાર્થં કરેમિ કાઉસગ્ગં, અન્નથ્થ૦ ઇત્યાદિક

કહીને 'ચંદેસુનિમ્મલયરા' સુધી ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરવો. પછી "નમો અરિહંતાણં" એ પદ કહીને કાઉસ્સગ્ગ પારવો. પછી પ્રગટ લોગસ્સ કહેવો. એ નવમું ખમાસમણ થયું. ફરી ઇચ્છામિ ખમાસમણ પૂર્વક ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! અભિભવ કાઉસ્સગ્ગ ઠાઉં; ઇચ્છં અભિભવ અશેષ દુખ્ખખ્ખય કમ્મખ્ખય નિમિત્તં કરેમિ કાઉસગ્ગં. અન્નથ૦ ઇત્યાદિક કહીને 'સિદ્ધાસિદ્ધિં મમદિસંતુ' પર્યંત પૂરે પુરા પાંચ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો, પછી 'નમો અરિહંતાણં' એ કહીને પ્રગટ લોગસ્સકહેવો. એથી કરી પડિકકમણામાં જે અશુદ્ધ આચાર બન્યા હોય, તે સર્વ પાંચ લોગસ્સના કાઉસ્સગ્ગ થકી શુદ્ધ થાય છે. એ પાંચમું કાઉસગ્ગ નામે આવશ્યક અને દશમું ખમાસમણ પૂરૂં થયું.

તપાચારની શુદ્ધિ માટે 'પચ્ચખ્ખાણ'

નામે છઠ્ઠું આવશ્યક.

પછી ઇચ્છામિ ખમાસમણ પૂર્વક ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! છઠ્ઠાં આવશ્યક ભણી પચ્ચખ્ખાણ વાંદણાં કરૂં જી. એમ કહી બે વાર વાંદણાં દેવાં, પછી ગુરૂમુખે પચ્ચખ્ખાણ કરીયે. એ છઠું પચ્ચખ્ખાણ નામે આવશ્યક અને અગીયારમું ખમાસમણ પરૂ થયું.

પછી ઇચ્છામિ ખમાસમણુ પૂર્વક હેઠા બેસીને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ! સામાયિક પારવા ત્રણ નવકાર ગણુંજી. જમણો હાથ ભોંયપર અવળો સ્થાપીને ત્રણ નવકાર ગણવા. પછી " નમો અરિહંતાણુ" એ પદ કહીને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! સામાયિક પારવા ગાથા ભણુંજી.

અથ સામાયિક પારવાની ગાથા.

જં જં મણેણ બદ્ધં, જં જં વાયાય ભાસિયં પાવં, કાએણ વિદુકયં, મિચ્છામિ દુક્કડં તસ્સ. ૧

સવ્વે જીવા કમ્મવસ, ચઇદહ રજ્જ ભમંત,
તે મે સવ્વ ખમાવિયા, મુજ્જવિ તેહ ખમંત.

ખમી ખમાવી મેં ખમી, છવિહજીવનિકાય,
સુદ્ધ મને આલોવતાં, મુજ્ઝ મન વેર ન થાય. ૩

દિવસે દિવસે, લખ્ખં, દેઇ સુવન્નસ્સ ખંડિયં એગો
એગો પુણ સમાઇયં, કરેઇ ન પહુપ્પએ તસ્સ. ૪

કુણે પમાએ બોલીઉં, હુઇવિરૂઇ બુદ્ધિ,
જિણસાસણમેં બોલીઉં, મિચ્છા દુક્કડં સુદ્ધિ. ૫

સામાયિક વ્રત ફાસિઅં, પારિઅં, પુરિઅં, તીરિઅં, કિત્તિઅં, આરાહિઅં, વિધે લીધું, વિધે કીધું, વિધે પાર્યું, વિધિ કરતાં, કિસિ અવિધિ આશાતના હુઈ હોય, તે સવિ મને, વચને કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. પાટી. પોથી, કવલી, ઠવણી નવકારવાલી કાગલે પગ લગાડયો હોય, ગુરૂને આસણે બેસણે, ઉપકરણે પગ લગાડયો હોય જ્ઞાન દ્રવ્ય તણી આશાતના થઇ હોય, તે સવિ મને, વચને, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. અઢી દ્વીપને વિષે સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકા જે કોઇ પ્રભુ શ્રીવીતરાગદેવની આજ્ઞા પાલે, પલાવે, ભણે ભણાવે, અનુમોદે, તેહને મહારી ત્રિકાલ વંદના હોજો. સીમંધર પ્રમુખ વીશ વિહરમાન જિનને મહારી ત્રિકાલ વંદના હોજો. અતીત ચોવીશી, અનાગત ચોવીશી, વર્તમાન ચોવીશીને મહારી ત્રિકાલ વંદના હોજો. ઋષભાનન, ચંદ્રાનન, વર્દ્ધ-

માન, વારિષેણ એ ચાર શાશ્વતા જિનનેમહારી ત્રિકાલ વંદના હોજો. દશ મનના, દશ વચનના બાર કાયાના, એ બત્રીશ દોષ માંહેલો સામાયિક વ્રતમાંહે જિકો કોઇ દોષ લાગ્યો હોય, તે સવિહું મને, વચને, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં. સાચાની સદ્દહણા જુઠાના મિચ્છામિ દુક્કડં. ॥

પછી ત્રણ નવકાર મનમાં ગણી ત્રણ ખમાસમણ દેઇ જયણા પૂર્વક ઉઠવું. એ બારમું ખમાસમણ પૂરૂં થયું.

રાઈ પડિક્કમણ વિધિ.

સામાયિક નામે પ્રથમ આવશ્યક-ત્રણ ખમાસમણ આપી ઇચ્છાકારિ० કહીને ઇરિયાવહી० પડિક્કમિ પછી તસ્સઉત્તરી० કહી, એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી, પ્રગટ લોગસ્સ કહી ગમણાગમણ આલોવવું, સામાયિક ઠાવા ત્રણ નવકાર ગણવા, જીવરાશિ ખમાવી, અઢાર પાપસ્થાનક આલોવી, ગુરૂસ્થાપના નિમિત્તે પચિંદિય કહીને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ ધારવા. પછી સામાયિક ઉચ્ચાર કરવા એક નવકાર ગણીને સામાયિક વ્રત ઉચરવુ.

ચઉવિસથ્થો નામે બીજા આવશ્યક ભણી ઇરિયાવહી૦ તસ્સઉત્તરી૦ કહી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી લોગસ્સ પ્રગટ કહેવો.

વંદનક નામે ત્રીજા આવશ્યક ભણી ઇચ્છિં અભિભવ અશેષ દુખ્ખખ્ખય કમ્મખ્ખય નિમિતે પાંચ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. લોગસ્સ પ્રગટ કહીને કુસુમિણ દુસુમિણ ઉઢામિ નિમિત્ત ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. પછી એક લોગસ્સ કહીને ઉત્તરાસંગનો છેડો પડિલેહવો.

પ્રતિક્રમણ નામે ચોથા આવશ્યક ભણી બે વાર વાંદણાં દેવાં

કાઉસ્સગ્ગ નામે પાંચમાં આવશ્યક ભણી લઘુ અતિચાર કહે. ચૈત્યવંદન કહી ચાર સ્તવન કહેવાં; ઉવસગ્ગહરં૦ નમુથ્થુણં૦ કહીને ગુરૂવંદના કહેવી. પછી સજ્ઝાય કહેવી.

પચ્ચખ્ખાણ નામે છઠ્ઠા આવશ્યક ભણી પચ્ચખ્ખાણ વાંદણાં બે વાર દઇને ગુરૂમુખે પચ્ચખ્ખાણ કરીયે. પછી સામાયિક પારવા ત્રણ નવકાર ગણીને “ જં જં મણેણબદ્ધ ” ઇત્યાદિ ગાથા કહી પ્રતિક્રમણ સમાપ્ત કરીયે. ॥

ચૈત્યવંદન—સ્તવનો.

પરમેશ્વર પરમાત્મા પાવન પરમિટ્ઠ,
જય જગ ગુરૂ દેવાધિદેવ નયણે મેં દિઠ્ઠ.

અચલ અકલ અવિકાર સાર કરૂણા રસ સિંધુ;
જગતિ જન આધાર એક નિષ્કારણ બંધુ

ગુણઅનંત પ્રભુ તાહુરા કિમહિ કહ્યા ન જાય,
રામ પ્રભુ જિન ધ્યાનથી ચિદાનંદ સુખ થાય,

વૃષભ લંછન શ્રી ઋષભદેવ, અજિત લંછન હાથી,
સંભવ લંછન ઘોડલો, શીવપુરનો સાથી.
અભિનંદન લંછન કપિ, કૌંચ લંછન સુમતિ,
પદ્મકમલ શ્રી પદ્મપ્રભુ, દુર હરે કુમતિ.
સુપાર્શ્વ પ્રભુને સાથીઓ, ચંદ્રપ્રભુજીન ચંદ્ર,
મકર શ્રીજીન સુવિધિપ્રભુ, શ્રીવચ્છ શીતલ જિણંદ.
ખડ્ગિ જીન શ્રેયાંસનું, વાસુપુજ્યને મહિષ,
સુકર શ્રીજીન વિમલને સુખકારી અહનિશ.
સિંચાણો જિનઅનંતને, વજ્રલંછન શ્રીધર્મ,
શાંતિ લંછન નરગલો, સેવ્યે સુખ શિવશર્મ.
કુંથુ લંછન બોકડો, અરજિન નંદાવર્ત,
ઘટ લંછન મલ્લિપ્રભુ, કાચબો મુનિસુવ્રત.
નીલકમલ નમિજીનને, શંખ લંછન પ્રભુનેમ,
ફણીધર શ્રીજીન પાર્શ્વને, સેવો વધતે પ્રેમ.

સિંહ લંછન શ્રી ચરમજીન, વર્દ્ધમાન વિખ્યાત,
લંછન જીન ચોવીશનાં, ઓળખીયે અવદાત.

પદ્મપ્રભુ ને વાસુપુજ્ય દો રાતા કહીએ;
ચંદ્રપ્રભુ ને સુવિધિનાથ, દો ઉજવલ લહિએ.
મલ્લિનાથ ને પાર્શ્વનાથ, દો નીલા નિરખ્યા,
મુનિસુવ્રત ને નેમનાથ, દો અંજન સરિખા.
સોળે જિન કંચન સમા, એહવા જિન ચોવીશ,
ધીરવિમલ પંડિતતણો, જ્ઞાન વિમલ કહે શિષ્ય.

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે,
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે.
આચારજ ગુણ છત્રીસ, પચવીશ ઉવઝાય,
સત્યાવીશ ગુણ સાધુના જપતાં સુખ થાય.
અષ્ટોત્તર સય ગુણ મલી, એમ સમરો નવકાર;
ધીરવિમલ પંડિતતણો, નય પ્રણમે નિત્યસાર.

ઋષભ જિણંદસું પ્રીતડી, કિમ કીજેહો, કહો ચતુર વિચાર,
પ્રભુજી જઇ અળગા વસ્યા, તિહાં કિણે નવિ હો, કો,
વચન ઉચ્ચાર૦ ઋષભ૦ ૧

કાગળ પણ પહોંચે નહિ. નવિ, પહોંચેહો, તિંહાં કો પરધાન
જે પહોંચે તે તુમ સમો, નવિભાંખે હો. કો'નું વ્યવધાન, ઋ૦૨

પ્રીત કરે તે રાગિયા, જિનવરજી હો, તુમે તો વીતરાગ.
પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો, લોકોત્તર માગ. ઋ૦ ૩

પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;
કરવી નિર્વિષ પ્રીતડી કિણુ ભાતે હો, કહો બને બનાવ. ઋ૦ ૪

પ્રીતિ અનંતી પરથકી, જે તોડે હો, તે જોડે એહ:
પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો, દાખી ગુણુ ગેહ. ઋ૦ ૫

પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો. પ્રગટે ગુણુ રાશ.
દેવચંદ્રની સેવના, આપે મુજ હો, અવિચલ સુખવાસ, ઋ૦ ૬

ગિરૂઆરે ગુણુ તુમ તણા, શ્રી વર્દ્ધમાન જીનરાયારે,
સુણતાં શ્રવણે અમી ઝરે. મહારી નિર્મલ થાયે કાયારે ગિ૦ ૧

તુમ ગુણગણુ ગંગા જલે, હું ઝીલી! નિર્મલ થાઉંરે;
અવર ન ધંધો આદરૂં નિશદિન તોરા ગુણુ ગાઉંરે. ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગા જલે, તે છિલ્લર જળ નવિ પેસેરે;
જે માલતી પુલે મોહીઆ. તે બાઉલ જઈ નવિ બેસેરે. ગિ૦ ૩

એમ અમે તુમ ગુણુ ગોઠશું રંગે રાચ્યા ને વળી માચ્યારે;
તે કેમ પરસુર આદરે. જે પરનારી વશ રાચ્યારે. ગિ૦ ૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજજ પ્યારોરે;
વાચક યશ કહે માહરે, તું જીવ જીવન આધારોરે. ગિ૦ ૫

તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજશ લીજે;
દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો,
દયાનિધિ દીનપર દયા કીજે— તાર૦ ૧

રાગ દ્વેષે ભર્યો, મોહ વૈરી નડયો,
લોકની રીતિમાં, ઘણું એ રાતો;
ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવ માંહિં હું વિષય માતો.— તાર૦ ૨

આદર્યું આચરણ, લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઇ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વળી, આત્મ અવલંબવિનું,
તેહવો કાર્ય તિણે કો ન સીધો૦ તાર૦ ૩

સ્વામી દરિશણ સમું, નિમિત્ત લઇ નિર્મળું.
જો ઉપાદાનએ શુચી ન થાશે;
દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમતણો,
સ્વામી સેવા સહી નિકટ લાશે. તાર૦ ૪

સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દર્શન શુદ્ધતાં તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ ઝીપી વસે મુક્તિ ધામે. તાર૦ ૫

જગત્ વત્સલ મહાવીર જીનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી બીરૂદ નીજ રાખવા,
દાસની સેવના, રખે જોશો. તાર૦ ૬
વિનતિ માનજો, શક્તિ એ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;
સાધિ સાધક દશા, સિધ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમળ પ્રભુતા પ્રકાશે. તાર૦ ૭

શ્રી ધર્મનાથનું સ્તવન.

ધરમ જીનેસર ગાઉં રંગસું, ભંગમ પડશો હો પ્રીત, જીનેસર
બીજો મન મંદિર આણું નહિ, એ અમ કુલ વટ રીત;
જીનેસર ધર્મ૦ ૧
ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે, ધર્મ ન જાણે હો મર્મ; જી૦
ધરમ જીનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઇ ન બાંધે હો કર્મ; જી૦ ધર્મ ૨
પ્રવચન અંજન જો સદ્‌ગુરૂ કરે, દેખે પરમ નિધાન, જી૦
હૃદય નયણ નિહાલે જગધણી, મહિમા મેરૂ સમાન; જી૦ ધર્મ ૩
દોડત દોડત દોડત દોડીઓ, જેસી મનનીરે દોડ; જી૦
પ્રેમ પ્રતીત વિચારો ઢૂકડી, ગુરૂગમ લેજોરે જોડ; જી૦ ધર્મ ૪

એક પખી કેમ પ્રીતી વરે પડે, ઉભય મીલ્યા હુએ સંધી; જી૦
હું રાગી હું મોહે ફંદીઓ, તું નિરાગી નિરબંધ જી૦ ધર્મ ૫
પરમ નિધાન પ્રગટ મુખ આગલે, જગત ઉલંઘી હો જાય જી૦
જ્યોતિવિના જુઓ જગદીશની, અંધોઅંધ પુલાય જી૦ ધર્મ ૬
નિરમલ ગુણ મણિ રોહણ ભૂધરા, મુનીજન માનસહંસ, જી૦
ધન્ય તે નગરી ધન વેલા ઘડી, માતા પિતા કુલવંશ જી૦ ધર્મ ૭
મન મધુકર વર કરજોડી કહે, પદકજ નિકટ નિવાસ જી૦
ધન નામી આનંદઘન સાંભલો, એ સેવક અરદાસ; જી૦ ધર્મ૮

વિમલાચલનું સ્તવન.

વિમલાચલ વિમલા પ્રાણી, શિતલ તરૂ છાયા ઠરાણી,
રસવેધક કંચનખાણી કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી.
સનેહી સંત એ ગીરી સેવો,
ચૌદ ક્ષેત્રમાં તીરથ નહીં એવો ૧ સનેહી.
છહરી પાળી ઉલ્લસીએ છઠ્ઠ અઠ્ઠમ કાયા કશીએ,
મોહમલ્લનાસામા ધસીએ વિમલાચલ વેગે વશીએ. ૨ સનેહી
અન્યસ્થાનક કર્મ જે કરીએ તે હીમગીરી હેલા હરીએ,
પાછળ પ્રદક્ષિણા ફરીએ ભવ જલ નીધિહેલા તરીએ. ૩ સનેહી
શિવ મંદિર ચડવા કાજે સોપાનની પંકિત બિરાજે,
ચડતાં દ્રઢ સમકિતિ છાજે દુર્ભવ્યઅભવ્ય તે લાજે. ૪ સનેહી

પાંડવ પમુહા કેઇસંતા આદેશ્વર ધ્યાન ધરંતા,
પરમાતમ ભાવ ભજંતા સિધ્ધાચળ સિધ્ધ અનંતા. ૫ સનેહી

ખટમાસી ધ્યાન ધરાવે શુક રાજાનું રાજ્ય દિપાવે,
બાહ્યંતર શત્રુ હરાવે શત્રુંજય નામ ધરાવે. ૬ સનેહી

પ્રાણિધ્યાને ભજ્જે ગિરિ જાચો તિર્થંકર નામ નિકાચો,
મોહરાયને લાગે તમાચો શુભવીર વિમલગીરિ સાચો. ૭ સનેહી

પંચમીનું સ્તવન.

પંચમી તપ તમે કરોરે પ્રાણી, જેમ પામો નિર્મલ જ્ઞાનરે;
પહેલું જ્ઞાનને પછી ક્રિયા, નહિં કોઈ જ્ઞાન સમાનરે, ૧ પંચમી.

નંદી સૂત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પાંચ પ્રકારરે;
મતિ શ્રુત અવધિને મન પર્યવ, કેવલ એક ઉદારરે. ૨ પંચમી

મતિ અઠ્ઠાવીશ શ્રુત ચઉદહ વીશ, અવધિ છ અસંખ્ય પ્રકારરે
દોય ભેદે મનઃપર્યવ દાખ્યું, કેવલ એક ઉદારરે. ૩ પંચમી.

ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપારરે;
કેવલ જ્ઞાન સમું નહીં કોઈ, લોકાલોક પ્રકાશરે. ૪ પંચમી

પારસ નાથ પ્રસાદ કરીને, માહરી પુરો ઉમેદરે;
સમયસુંદર કહે હું પણ પામું, જ્ઞાનનો પાંચમો ભેદરે ૫ પચમી.

દાનશીલ તપ ભાવનાનું સ્તવન.

રે જીવ જૈન ધર્મ કીજીએ, ધર્મના ચાર પ્રકાર;
દાન શીલ તપ ભાવના જગમાં એટલું સાર ૧ રેજીવ.

વરસ દિવસને પારણે, આદીશ્વર સુખકાર;
શેલડી રસ વોરાવીઓ, શ્રીશ્રેયાંસ કુમાર. ૨ રેજીવ.

ચંપાપોળ ઉઘાડવા, ચાલણીએ કાઢયાં નીર;
સતીય સુભદ્રા સુજશ થયો, શીયલે સુર નર ધીર. ૩ રેજીવ.

તપ કરી કાયા શોષવી, સરસ નીરસ અહાર;
વીર જીણંદ વખાણિઓ, ધન્ય ધન્નો અણગાર. ૪ રેજીવ.

અનિત્ય ભાવના ભાવતાં, ધરતાં નિર્મલ ધ્યાન;
ભરત આરીસા ભુવનમાં, પામ્યા કેવલ જ્ઞાન. ૫ રેજીવ.

જૈનધર્મ સુરતરૂસમો, જેહની શીતલ છાયા;
સમયસુંદર કહે સેવતાં, વંછીતફલ પાયા. ૬ રેજીવ.

ઋષભદેવનું સ્તવન.

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે, ઓર ન ચાહુરે કંત;
રીઝયો સાહેબ સંગ ન પરીહરેરે, ભાંગે સાદિ અનંત. ૧ ઋષભ.

પ્રીત સગાઇરે જગમાં સહુ કરેરે, પ્રીત સગાઇ ન કોય;
પ્રીત સગાઇરે નિરૂપાધિક કહીરે, સોપાધિક ધન ખોય ૨ ઋષભ.

કોઇ કંથ કારણ કાષ્ટ ભક્ષણ કરેરે, મલશું કંથને ધાય;
એ મેળો નવિ કહીએ સંભવેરે, મેળો ઠામ ન થાય. ૩ ઋષભ.

કોઇ પતિ રંજન અતિઘણું તપ કરેરે, પતિ રંજન તન તાપ,
એ પતિરંજનમેં નવિ ચિત્ત ધર્યુંરે, રંજન ધાતુ મેળાપ. ૪ ઋષભ,

કોઇ કહે લીલારે અલખ અલખ તણી રે, લખપૂરે મન આશ;
દોષ રહીતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. ૫ ઋષભ.

ચિત્ત પ્રસન્નેરે પૂજન ફળ કહ્યુંરે, પૂજા અખંડિત એહ:
કપટ રહિત થઇ આતમ અરપણારે, આનંદઘન પદરેહ. ૬ ઋષભ.

વિમલનાથનું સ્તવન.

દુઃખ દોહગ દુરે ટલ્યાંરે સુખ સંપદ શું ભેટ:
ધીંગધણી માથે કીયોરે, કુણગંજે નરખેટ.

વિમલ જિન દીઠાં લોયણ આજ,
મ્હારાં સીધ્યાં વંછિત કાજ, વિમલ જિન દીઠાં લોયણ આજ.૧

ચરણ કમળ કમળા વસેરે, નિર્મળ થિર પદ રેખ:
સમળ અથિર પદ પરી હરીરે, પંકજ પામર પેખ. ૨ વિમલ.

મુજ મન તુજ પદ પંકજેરે, લીનો ગુણ મકરંદ:
રંક ગણે મંદિર ધરારે, ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર. ૩ વિમલ.

સાહેબ સમરથ તું ધણીરે, પામ્યો પરમ ઉદાર:
મન વિશરામી વાલહોરે, આતમનો આધાર. ૪ વિમલ

દરિસણ દીઠે જિન તણુરે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરંતારે, અંધકાર પ્રતિષેધ. ૫ વિમલ.
અમિય ભરી મૂરતિ રચીરે, ઉપમા ન ઘટે કોય;
શાંતસુધારસ ઝીલતીરે, નીરખીત તૃપ્તી ન હોય. ૬ વિમલ.
એક અરજ સેવક તણીરે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજદીજીએરે, આનંદઘન પદ સેવ. ૭ વિમલ.

——:o:——

સિદ્ધાચલ ગિરિ ભેટયારે, ધન્ય ભાગ્ય હમારાં.
વિમળાચળ ગિરિ ભેટયારે, ધન્ય ભાગ્યા હુણારાં.
એ ગિરિવરનો મહિમા મોટો કહેતાં નાવે પાર;
રાયણ રૂષભ સમોસર્યા સ્વામી, પૂર્વનવાણું વારારે—ધન્ય૦
મૂળનાયક શ્રી આદિજીનેશ્વર, ચઉમુખ પ્રતિમા ચાર;
અષ્ટદ્રવ્યસું પૂજો ભાવે, સમક્તિ મૂળ આધારરે—ધન્ય૦
ભાવ ભકિતસું પ્રભુ ગુણ ગાવે, અપના જન્મ સુધાર્યા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરક તિર્યંચ ગતિ વાર્યારે. ધન્ય.
દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તારા;
પતિત ઉધ્ધારણ બિરૂદ તુમારૂં, એ તીરથ જગ સારારે—ધ૦
અઢારસે ત્યાસી માસ આષાઢા, વદિ આઠમ ભોમવારા;
પ્રભુજીકે ચરણ પ્રતાપકે સંઘમે, ખેમા રતન પ્રભુ પ્યારારે—ધ૦

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો,
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો.
સેવક અરજ કરે છે રાજ, અમને શિવસુખ આપો;

સહુકોનાં મન વાંછિત પૂરો, ચિન્તા સહુની ચૂરો,
એહવું બિરૂદ છે રાજ તમારૂં, કેમ રાખો છો દૂરે—સે૦

સેવકને વલવલતો દેખી, મનમાં મહેર ન ધરશો:
કરૂણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો—સે૦

લટપટનું હવે કામ નહિ છે, પ્રત્યક્ષ દરિસણ દીજે:
ધુંઆડે ધીજું નહી સાહિબ, પેટ પડયા પતીજે—સે૦

શ્રી શંખેશ્વર મંડણ સાહિબ, વિનતડી અવધારો;
કહેજીનહર્ષ મયાકરી મુજને, ભવસાગરથી તારો—સેવક૦

સુણોચંદાજી, સીમંધર પરમાતમ પાસે જાજો;
મુજ વિનતડી, પ્રેમ ધરીને ઇણિપરે તુમે સંભળાવજો.

જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોઠસ ઈંદ્ર પાયક છે;
નાણ દરિસણ જેહને ક્ષાયક છે, સુણો— (૧)

જેની કંચન વરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે;
પુંડરિકિણી નગરીનો રાયા છે, સુણો— (૨)

બાર પર્ષદામાંહિ બિરાજે છે, જસ ચોત્રીશ અતિશય છાજે છે;
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે. સુણો— (૩)

ભવિજનને તે પડિબોહે છે, તુમ અધિક શીતલ ગુણ સોહે છે:
રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો— (૪)

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દુરે વસીયો છું:
મહા મોહરાય કર ફસીયો છું. સુણો— (૫)

પણ સાહેબ ચિત્તમાં ધરીઓ છે, તુમ આણ ખડગ કર ગ્રહિયો છે:
પણ કાંઇક મુજથી ડરિયો છે. સુણો— (૬)

જિન ઉત્તમ પૂંઠ હવે પુરો, કહે પદ્મવિજય થાઉં શૂરો:
તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો— (૭)

———:0:———

વીર જિનેશ્વર સાહેબ મેરા, પાર ન લહું તેરા;
મહેર કરી ટાળો મહારાજ જી, જન્મ મરણના ફેરા હો;
જિનજી ! અબ હું શરણેઆયો.

ગર્ભાવાસ તણાં દુઃખ મોહોટાં ઉંધે મસ્તક રહિયો;
મળમૂત્ર માંહે લપટાણો, એહવો દુઃખ મેં સહીયો હો, જિ૦

નરક નિગોદમાં ઉપનો ને ચવિયો, સૂક્ષ્મ બાદર થઇયો;
વ્હેંચાણો સુઇને અગ્રભાગે, માન તિહાં કિહાં રહિયો હો જિ૦

એક કંચનને બીજી કામિની, તેહસું મનહું બાંધ્યું;
તેના ભોગ લેવાને હું શૂરો, કેમ કરી જિન ધર્મ સાધું હો. જિ૦
મનની દોડ કીધી અતિ ઝાઝી, હું છઉં કોઈ જડ જેહવો;
કલિકલિ કલ્પમેં જન્મ ગુમાવ્યો, પુનરપિ પુનરપિ તેહવો હો.
જિનજી ! અબ હું શરણે આયો.
ગુરૂઉપદેશથી હું નથી ભીનો, નાવિ સદ્દહણા સ્વામી
હવે વડાઈ જોઈએ તમારી, ખીજમત માંહિછે ખામી હો, જિ૦
ચારગતિ માંહે રડવડીઓ, તોએ ન સીધ્યાં કાજ;
રૂષભ કહે તારો સેવકને, બાંહે ગ્રહ્યાની લાજ હો. જિ૦

——(+)——

અથ મુહુપત્તિના ૫૦ બોલ.

સૂત્ર–અર્થ–તત્ત્વ કરી સદ્દહું.
સમકિત મોહની, મિશ્ર મોહની, મિથ્યાત્વ મોહની, પરિહરૂં.

કામ રાગ,	સ્નેહ રાગ,	દ્રષ્ટિ રાગ,	પરિહરૂં
સુદેવ,	સુગુરૂ,	સુધર્મ	આદરૂં
કુદેવ,	કુગુરૂ,	કુધર્મ	પરિહરૂં.
જ્ઞાન,	દર્શન,	ચારિત્ર,	આદરૂં.

જ્ઞાન,	દર્શન,	ચારિત્ર–વિરાધના,	પરિહરૂં.
મનગુપ્તિ,	વચનગુપ્તિ,	કાયગુપ્તિ,	આદરૂં.
મન દંડ,	વચન દંડ,	કાય દંડ,	પરિહરૂં.

અંગ પડિલેહણાના ૨૫ બોલ.

હાસ્ય, રતિ અરતિ, પરિહરૂં. (ડાબે હાથે પડીલેહવા.)
ભય, શોક, દુગંચ્છા, પરિહરૂં (જમણે હાથે પડીલેહવા.)
કૃષ્ણલેશ્યા, નિલલેશ્યા, કાપોતલેશ્યા, પરિહરૂં. (માથા ઉપર પડીલેહવા.

રસગારવ, રિધ્ધિગારવ, શાતાગારવ, પરિહરૂં (મોઢે પડી લેહવા.)

માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય. પરિહરૂં (છાતી આગળ પડીલેહવા,

ક્રોધ,	માન	પરિહરૂં	(પુંઠે પડીલેહવા.)
માયા,	લોભ,	પરિહરૂં.	(આગળ પડીલેહવા.)

પૃથ્વીકાય, અપ્પકાય, તેઉકાય, ની જયણા કરૂં. (ડાબે પગે પડીલેહવા

વાઉકાય, વનસ્પતિકાય, ત્રસકાય, ની રક્ષા કરૂં. (જમણે પગે પડીલેહવા.)

સજઝાયો.

સમકિતનું મૂળ જાણીયેજી, સત્ય વચન સાક્ષાત્;
સાચાણાં સમકિત વસેજી, કુડામાં મિથ્યાત્વ રે,
પ્રાણી ! મ કરીશ માયા લગાર.

મુખ મીઠો, જૂઠો મનેજી, કુડ કપટનો રે કોટ;
જીભે તો જી, જી, કરેજી, ચિત્તમાં તાકે ચોટરે—પ્રાણી.

આપ ગરજે આઘો પડેજી, પણ ન ધરે વિશ્વાસ;
મેલ ન છંડે મન તણોજી, એ માયાનો પાસરે—પ્રાણી.

જેહસું માંડે પ્રીતડીજી, તેહસું રહે પ્રતિકૂળ;
મન નવિ મૂકે આમળોજી, એ માયાનું મુળરે—પ્રાણી

તપ કીધુ, માયા કરીજી, મિત્રસુ રાખ્યો રે ભેદ;
મલ્લિજિનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્ત્રીવેદરે—પ્રાણી.

ઉદયરત્ન કહે સાંભળોજી, મેલો માયાની બુદ્ધ;
મુકિતપુરી જાવા તણોજી, એ મારગ છે શુદ્ધરે—પ્રાણી.

તુમે લક્ષણ જોજો લોભનાંરે, લોભે જન પામે ક્ષોભનારે;
લોભે ડાહ્યા મનડોલ્યાં કરે રે, લોભે દુર્ઘટ પંથે સંચરેરે–તુમે

તજે લોભ તેહનાં લેઉ ભામણાંરે, વળી પાય નમીને કરૂ ખામણાંરે
લોભે મર્યાદા ન રહે કેહનીરે, તુમે સંગત મેલો તેહનીરે-તુમે.

લોભે ઘર મે'લી રણમાં મરેરે, લોભે ઉંચ તે નીચુ આદરે રે,
લોભે પાપ ભણી પગલાં ભરે રે, લોભે અકારજ કરતાં ન
ઓસરે રે-તુમે.

લોભે મનડુ ન રહે નિર્મળું રે, લોભે સગપણુ નાસે વેગળુ રે:
લોભે ન રહે પ્રીતિને પાવહુ રે, લોભે ધન મેલે બહુ એકઠુ રે-તુમે.

લોભે પુત્ર પ્રત્યે પિતા હણેરે, લોભે હત્યા પાતક નવી ગણેરે:
તેતો દામતણે લોભે કરી રે, ઉપર મણિધર થાયે તે મરીરે-તુમે.

જોતાં લોભનો થોભ દીસે નહીંરે, એવું સૂત્ર સિધ્ધાંતે કહ્યુ સહીરે;
લોભે ચક્રી સુભુમનામે જુઓ રે, તેતો સમુદ્ર માંહે ડૂબી મૂઓરે.
તુમે.

એમ જાણીને લોભને છંડજો રે, એક ધર્મસુ મમતા મંડજોરે:
કવિ ઉદયરત્ન ભાખે મુદારે, વંદુ લોભ તજે તેહને સદારે-તુમે.

---:o:---

રે જીવ! માન ન કીજીયે, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવેરે—રે૦

સમકિત વિણુ ચારિત્ર નહીં, ચારિત્ર વિણુ નહીં મુકિત રે;
મુકિતનાં સુખ છે શાશ્વતાં, તે કેમ લહિએ યુકિતરે—રે૦

વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારીરે;
ગર્વે ગુણ જાયે ગળી, ચિત્ત જુઓ વિચારી રે—રે૦
માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ હાર્યો રે.— રે૦
સૂકાં લાકડાં સારિખો, દુઃખદાયી એ ખોટોરે;
ઉદયરત્ન કહે માનને, દેજો દેશવટો રે.— રે૦

—

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે. ક૦
ક્રોધે ક્રોડ પૂરવ તણું, સંજમ ફળ જાય,
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. ક૦
સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ,
શિષ્યને ક્રોધ થકી થયો ચંડકોશિયો નાગ. ક૦
આગ ઉઠે જે ઘર થકી, પહેલું તે ઘર બાળે,
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પ્રજાળે ક૦
ક્રોધ તણિ ગતિ એહવી, કહે કેવળનાણી,
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી ક૦
ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી,
કાયા કરજો નિર્મળી ઉપશમરસ નાહી ક૦

નિંદા મ કરજો કોઇની પારકીરે, નિંદાના બોલ્યાં મહાપાપરે,
વેર વિરોધ વાધે ઘણોરે, નિંદા કરતાં ન ગણે માય બાપરે નિં૦

દુર બળંતી કાં દેખો તુમેરે, પગમાં બળંતી દેખો સહુ કોયરે,
પરના મેલમાં ધોયાં લૂગડાંરે, કહો કેમ ઉજળાં હોયરે. નિંદા૦

આપ સંભાળો સહુકો આપણોરે, નિંદાની મૂકો પડી ટેવરે,
થોડે ઘણે અવગુણે સહુ ભર્યાંરે, કેહનાં નળિયાં ચુએ કહેનાં નેવરે.
નિંદા૦

નિંદા કરે તે થાયે નારકીરે, તપ જપ કીધું સહુ જાયરે,
નિંદા કરો તો કરજો આપણીરે, જેમ છુટકબારો થાયરે. નિં૦

ગુણ ગ્રહજો સહુકો તણારે, જેમાં દેખો એક વિચાર રે,
કૃષ્ણ પેરે સુખ પામશો રે, સમયસુંદર સુખકારરે. નિંદા૦

વણઝારાની સજઝાય.

નરભવ નયર સોહામણું, વણઝારારે.
પામીને કરજે વ્યાપાર, અહો મોરા નાયકરે,

સત્તાવન સંવતરણી, વણઝારારે
પોઠી ભરજે ઉદાર, અહો મોરા નાયકરે, ૧

શુભ પરિણામ વિચિત્રતા, વ કરીઆણાં બહુ મૂલ. અ.
મોક્ષનગર જાવા ભણી, વ. કરજે ચિત્ત અનુકૂલ, અ. ૨

ક્રોધ દાવાનલ ઓલવે, વ. માન વિષય ગીરિરાજ, અ.
ઓલંઘજે હળવે કરી, વ. સાવધાન કરે કાજ, અ. ૩

વંશજાળ માયાતણી, વ. નવિ કરજે વિશરામ, અ.
ખાડી મનોરથ ભટતણી, વ. પૂરણનું નહિ કામ, અ. ૪

રાગ દ્વેષ દોય ચોરટા, વ. વાટમાં કરશે હેરાન, અ.
વિવિધ વીર્ય ઉલ્લાસથી, વ. તે હણજેરે ઠાય, અ. ૫

એમ સવિવિઘ્ન વિદારીને, વ. પહોંચજે શીવપુરવાસ, અ.
ક્ષય ઉપસમ જે ભાવના, વ. પોઠે ભર્યાં ગુણ રાસ, અ. ૬

ક્ષાયકભાવ તે થશે, વ. લાભ હોશે તે અપાર, અ.
ઉત્તમ વણુજ જે એમ કરે, વ પદ્મ નમે વારંવાર, અ. ૭

ધોબીડાની સજ્ઝાય.

ધોબીડા તું ધોજે મનનું ધોતીયુંરે, રખે રાખતો મેલ લગારરે,
એણેરે મેલે જગમેલો કર્યોરે, અણ ધોયું ન રાખ લગારરે. ધો.૧

જિનશાસન સરોવર સોહામણુંરે. સમકિતતણી રૂડી પાલરે.
દાનાદિક ચારે બારણાંરે, માંહિ નવતત્ત્વ કમળ વિશાળરે. ધો. ૨

તિહાં ઝીલે મુનિવર હંસલારે. પીયે છે જપ તપ નીરરે,
શમદમ આદે જે શિલારે, તિહાં પખાલે આતમ ચીરરે. ધો. ૩

તપવજે તપ તડકે કરીરે, જાલવજે નવબ્રહ્મવાડરે,
છાંટા ઉડાડે પાપ અઢારનારે, એમ ઉજલું હોશે તત્કાળરે. ધો. ૪

આલોચણ સાબુડો સુધો કરેરે, રખે આવે માયા સેવાલરે,
નિશ્ચે પવિત્રપણું રાખજેરે, પછી આપણા નિયમ સંભાળરે.
ધો. ૫.

રખે મુકતો મન મોકળુંરે, પડ મેલીને સંકેલરે,
સમયસુંદરની શીખડીરે, સુખડી અમૃત વેલરે. ધો. ૬

——:o:——

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ,
હું તો દો અનંતનું, ભાજન છું કરૂણાળ. ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ,
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ ? ૨
નથી આજ્ઞા ગુરૂદેવની, અચળ કરી ઉર માંહિ,
આપતણો વિશ્વાસ દ્રઢ, ને પરમાદર નાહિ. ૩
જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ,
કેવળ અર્પણતા નથી, નથી આશ્રમ અનુયોગ. ૪
" હું પામર શું કરી શકું, એવો નથી વિવેક,
ચરણ, શરણ, ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫
અચિંત્ય તુજ મહાત્મ્યને, નથી પ્રફુલ્લિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬
અચળરૂપ આશકિત નહિ, નહિ વિરહનો તાપ,
કથા અલ્પ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહિ ભજન દૃઢ ભાન.
સમજ નહિ નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન, ૮

કાળ દોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ,
તોય નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ, ૯

સેવાને પ્રતિકુળજે, તે બંધન નથી ત્યાગ,
દેહેંદ્રિય માને નહિ કરે બાહ્યપર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન, નયન, યમ નાહિ.
નહિ ઉદાસ અન ભક્તથી, તેમ ગૃહાદિક માંહિ.

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહિ,
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઇ. ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય,
નહિ એક સદ્ગુણ પણ, મુખ બતાવું શુંય ? ૧૩

કેવળ કરૂણા-મૂર્ત્તિ છો, દીનબંધુ દીનાનાથ,
પાપી પરમ અનાથછું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંતકાળથી આથડયો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરૂ સંતને, મૂકયું નહિ અભિમાન. ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક,
પાર ન તેથી પામિયો, ઉગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઇ ઉપાય,
સત્સાધન સમજ્યો નહિ; ત્યાં બંધન શું જાય ૧૭

'પ્રભુ ! પ્રભુ ! લય લાગી નહિ, પડયો ન સદ્દગુરૂ પાય
દીઠા નહિ નિજ દોષ તો, તરિયે કોણ ઉપાય ? ૧૮

અધમાધમ અધીકો પતિત, સકળ જગત્‌માં હુંય,
એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શુંય ? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એજ,
સદ્દગુરૂ, સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરિ દેજ. ૨૦

વીર જિનેશ્વર કેરો શિષ્ય ગૌતમ નામ જપો નિશ દિશ,
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન.

ગૌતમ નામે ગિરિવર ચઢે, મન વાંછિત હેલા સંપજે,
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ.

જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢુકડા,
ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમનાં કરૂં વખાણ.

ગૌતમ નામે નિર્મલ કાય, ગૌતમ નામે વાધે આય,
ગૌતમ જિન શાસન શણગાર, ગૌતમ નામે જય જયકાર.

શાલદાલ સુરહા ઘૃત ગોલ, મન વાંછિત કાપડ તંબોલ.
ઘરસુગૃહિણી નિર્મલ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત.

ગૌતમ ઉદયો અવિચળ ભાણ, ગૌતમ નામ જપો જગજાણ.
મ્હોટા મંદિર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ.

ઘરમયગલ ઘોડાની જોડ. વારૂ પહોંચે વાંછિત કોડ,
મહિયલ માને મોટા રાય, જો તુઠે ગૌતમના પાય.
ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગતિ મલે,
ગૌતમ નામે નિર્મલ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન.
પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ,
કહે લાવણ્યસમય કરજોડ, ગૌતમ તુઠે સંપત્તિ કોડ.

કદિ આફત વાદળ શીર પડે,
કદિ મિત્ર વિયોગનું દુઃખ નડે.
કદિ સંપત જાય બધીએ ભલે,
પણ સત્ય સદા ધરજો હૃદયે.

અથ શ્રીજીવવિચારના છૂટા બોલ.

(૧) જીવના બે ભેદ છે.

૧ સંસારી તે કર્મ સહિત, ૨ મોક્ષના તે કર્મ રહિત.

(૨) સંસારી જીવના બે છે.

૧ થાવર તે સ્થિર રહે તે; ૨ ત્રસ તે હાલે ચાલે તે.

(૩) થાવર જીવના પાંચ ભેદ છે.

૧ પૃથ્વિકાય તે માટી પાષાણાદીક, ૨ અપકાય તે પાણીના જીવ. ૩ તેઉકાય તે અગ્નિના જીવ ૪ વાઉકાય તે વાયરાના જીવ, ૫ વનસ્પતિકાય તે ઝાડપાલાદીકના જીવ.

(૪) વનસ્પતિકાય જીવના બે ભેદ છે.

૧ પ્રત્યેક તે એક શરીરને વિષે એક જીવ હોય તે. ૨ સાધારણ તે એક શરીરને વિષે અનંતા જીવ હોય તે

(૫) ત્રસકાયના ચાર ભેદ છે.

૧ બે ઇંદ્રીના તે શરીર અને જીભવાળા. ૨ તેઇંદ્રીના તે શરીર જીભ અને નાસીકાવાળા, ૩ ચૌરેંદ્રીના તે શરીર, જીભ, નાસીકા અને ચક્ષુવાળા. ૪ પંચેદ્રીના તે તે શરીર, જીભ, નાસીકા, ચક્ષુ અને કાનવાળા.

(૬) પંચેન્દ્રિ જીવના ચાર ભેદ છે,

(૧) નારકી, ૨ તિર્યંચ, ૩ મનુષ્ય, ૪ દેવતા.

(૭) નારકી સાત છે તેનાં નામ.

૧ ઘમા, ૨ વંશા, ૩ સેલા, ૪ અંજણ, ૫ રીઠ્ઠા, ૬ મઘા, ૭ માઘવતી. ગોત્ર. ૧ રત્નપ્રભા, ૨ શર્કરાપ્રભા, ૩ વાલુકાપ્રભા, ૪ પંકપ્રભા, ૫ ધુમપ્રભા, ૬ તમપ્રભા, ૭ તમસ્તમાપ્રભા.

(૮) તિર્યંચપંચેંદ્રીના ત્રણ ભેદ છે.

૧ જલચર—પાણીમાં રહેનારાં પ્રાણીઓ; ૨ થલચર-તે જમીન ઉપર ચાલનારાં પ્રાણીઓ, ૩ ખેચર છે તે આકા-આકાશમાં ઉડનારાં પ્રાણીઓ.

(૯) મનુષ્યના ત્રણ ભેદ છે.

(૧) કર્મભૂમિ ક્ષેત્રના, ૨ અકર્મભૂમિક્ષેત્રના, ૩ અંતર દ્વીપક્ષેત્રના.

(૧૦) ક્રર્મભૂમિનાં ક્ષેત્ર ૧૫ છે તેનાં નામ.

૫ ભરતક્ષેત્ર, ૫ ઐરવતક્ષેત્ર, ૫ મહાવિદેહ ક્ષેત્ર.

(૧૧) અકર્મભૂમિનાં ૩૦ ક્ષેત્ર છે તેના નામ

૫ હેમવંત, ૫ ઐરણ્યવત, ૫ હરિહર્ષ, ૫ રમ્યક, ૫ દેવકુરૂ, ૫ ઉત્તરકુરૂ.

(૧૨) અંતરદ્વીપનાં ૫૬ ક્ષેત્ર છે. તે આ જંબુદ્વિપમધ્યે હિમવંત અને શિખરી એવા બે પર્વત છે એ પર્વતો મધ્યેથી પૂર્વે અને પશ્ચિમે લવણ સમુદ્રમાં આઠ ગજદંતા એટલે દાઢા નીકળ્યા છે, તે એક એક ગજદંતા ઉપર સાત સાત ક્ષેત્રો છે.

(૧૩) દેવતાના ચાર ભેદ છે.

૧ ભુવનપતિના, ૨ વ્યંતરના, ૩ જ્યોતિષિના, ૪ વૈમાનીકના.

(૧૪) ભુવનપતિ દેવતાના ૧૦ ભેદ છે.

૧ અસુર કુમાર નિકાય (સ્થાનક) ૨ નાગ કુમારનિકાય, ૩ સુવર્ણકુમારનિકાય, ૪ વિદ્યુતકુમારનિકાય, ૫ અગ્નિકુમારનિકાય, ૬ દ્વિપકુમારનિકાય, ૭ ઉદધિકુમાર નિકાય, ૮ દિશિકુમારનિકાય, ૯ પવનકુમારનિકાય, ૧૦ સ્તનિતકુમારનિકાય.

(૧૫) વ્યંતરદેવતાના બે ભેદ છે.

૧ વ્યંતરના, ૨ વાણુવ્યંતરના.

(૧૬) વ્યંતરદેવતાના આઠ ભેદ છે.

૧ પિશાચ, ૨ ભૂત, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ કિન્નર, ૬ કિંપુરૂષ, ૭ મહોરગ, ૮ ગંધર્વ.

(૧૭) વાણુવ્યંતરના આઠ ભેદ છે.

૧ અણુપન્નીનિકાય, (સ્થાનક) ૨ પણુપન્નીનિકાય, ૩ એસીવાદીનિકાય, ૪, ભૂતવાદીનિકાય, ૫ કંદિત નિકાય, ૬ મહાકંદિતનિકાય, ૭ કોહુંડનિકાય, ૮ પતંગનિકાય.

(૧૮) જ્યોતિષિ દેવતાના પાંચ ભેદ છે.

૧ ચંદ્ર, ૨ સૂર્ય, ૩ ગ્રહ, ૪ નક્ષત્ર ૫ તારા.

(૧૯) વૈમાનિકદેવતાના બે ભેદ છે.

૧ કલ્પ તે આચારવાળા, ૨ કલ્પાતિત તે પોતે સ્વામી છે.

(૨૦) કલ્પ તે બાર દેવલોકવાળા, તે દેવલોકનાં નામ.

૧ સુધર્મ દેવલોક, ૨ ઈશાન દેવલોક, ૩ સનતકુમાર દેવલોક, ૪ માહેંદ્ર દેવલોકે, ૫ બ્રહ્મ દેવલોક, ૬ લાંતક દેવલોક, ૭ મહાશુક્ર દેવલોક, ૮ સહસાર દેવલોક, ૯ આનંત દેવલોક, ૧૦ પ્રાણુંત દેવલોક, ૧૧ આરણુ દેવલોક, ૧૨ અચ્યુત દેવલોક.

(૨૧) કલ્પાતિતના બે ભેદ છે.

૧ નવગ્રૈવેયકનાં, ૨ પાંચ અનુત્તર વિમાનના નામ.

(૨૨) નવગ્રૈવેયકના નામ.

૧ સુદર્શન, ૨ સુપ્રતિબંધ, ૩ મનોરમ, ૪ સર્વભદ્ર.

૫ વિશાળ, ૬ સુમનસ, ૭ સુમણુસ, ૮ પ્રીયંકર, ૯ આદિત્ય,

(૨૩) પાંચ અનુતર વિમાનના નામ.

૧ વિજય, ૨ વિજયંત, ૩ જયંત, ૪ અપરાજીત, ૫ સર્વાર્થ સિદ્ધ.

(૨૪) મોક્ષના જીવના ૧૫ ભેદ છે.

૧ જીણ સિદ્ધા, ૨ અજીણ સિધ્ધા, ૩ તીર્થ સિધ્ધા, ૪ અતીર્થ સિધ્ધા. ૫ ગૃહલિંગે સિધ્ધા, ૬ અન્યલિંગે સિધ્ધા. ૭ સ્વલિંગે સિધ્ધા, ૮ સ્રીલિંગે સિધ્ધા, ૯ પુરૂષલિંગે સિધ્ધા, ૧૦ નપુસંકલિંગે સિદ્ધા, ૧૧ પ્રત્યેકબુધ્ધ સિદ્ધા. ૧૨ સ્વયંબુધ્ધ સિદ્ધા, ૧૩ બોધબોધિત સિદ્ધા, ૧૪ એક સિધ્ધા ૧૫ અનેક સિધ્ધા.

એ પ્રકારે જીવનો વિચાર સંક્ષેપે જાણવો, હવે વિદ્યાર્થીઓને ઉપયોગી શાળોપયોગી જૈન પ્રશ્નોત્તર નામના પુસ્તકમાંથી કેટલાક પ્રશ્નો અહીં આપીએ છીએ.*

---

* સદરહુ પુસ્તકમાં આવા ઘણા ઉપયોગી પ્રશ્નો છે તેથી વિશેષ જાણવા અર્થે તે પુસ્તક વાંચવાં ભલામણ છે.

લોકાલોક.

(૧) પ્રશ્ન-આ દુનિયાને આપણા શાસ્ત્રમાં શું કહે છે?
ઉત્તર-લોક.
(૨) પ્ર-લોકને ફરતું શું છે?
ઉ-અલોક.
(૩) પ્ર-અલોકમાં શું છે?
ઉ-એકલું આકાશ છે બીજું કંઇજ નથી.
(૪) પ્ર-લોક અને અલોક બંન્ને મળીને શું કહેવાય છે?
ઉ-લોકાલોક (લોક+અલોક)

પંચપરમેષ્ઠિની ઓળખ.

(૧) પ્ર-લોકાલોક સંપૂર્ણપણે કોણ જાણી દેખી રહ્યા છે?
ઉ-પરમેશ્વર.
(૨) પ્ર-આપણે અહીં વાતચીત કરીએ છીએ તે પરમેશ્વર જાણે?
ઉ-હા, તે સર્વ જાણે છે.
(૩) પ્ર-સર્વ જાણે તે કેવા કહેવાય?
ઉ-સર્વજ્ઞ.

(૪) પ્ર–સર્વજ્ઞ કોને કોને કહેવાય ?
ઉ–સિદ્ધ ભગવંતને તથા અરિહંત દેવને

(૫) પ્ર–સિદ્ધ ભગવંત ક્યાં રહે છે ?
ઉ–સિધ્ધ ક્ષેત્રમાં.

(૬) પ્ર–સિધ્ધ ક્ષેત્ર ક્યાં છે.
ઉ–લોકને મસ્તકે. અલોકને નીચે.

(૭) પ્ર–સિદ્ધ ભગવંતને કેટલા હાથ હોય ?
ઉ–હાથ ન હોય. કારણ કે તેમને શરીર (કે જે જડ પદાર્થ છે તે) નથી.

(૮) પ્ર–સિદ્ધ ભગવંત અહીં ક્યારે આવે ?
ઉ–ન આવે, કારણ કે આવવાનું કારણજ નથી.

(૯) પ્ર–અરિહંત દેવ એટલે શું ?
ઉ–કર્મરૂપ શત્રુને હણનાર.

(૧૦) કર્મ એટલે શું ?
ઉ–જીવની સાથે રહીને સંસારનાં સુખ દુઃખ આપનાર.

(૧૧) કર્મ કેટલી જાતનાં છે ?
ઉ–આઠ જાતનાં.

(૧૨) –પ્રતમે કર્મ દીઠાં છે ?
ઉ–ના, તે આપણાથી ન દેખાય.

(૧૩) પ્ર–તમારી પાસે કેટલાં કર્મ છે.
ઉ–આઠ.

(૧૪) પ્ર-સિદ્ધ ભગવંત પાસે?
ઉ-એકકે નહિ.

(૧૫) પ્ર–અરિહંત દેવ પાસે?
ઉ-ચાર કર્મ.

(૧૬) પ્ર–અરિહંત દેવને કેટલા હાથ હોય?
ઉ–બે.

(૧૭) પ્ર–તેઓ ખાય શું?
ઉ–સાધુની પેઠે અચેત અહાર.

(૧૮) પ્ર–સિધ્ધ ભગવંત શું ખાય?
ઉ-કંઈ ન ખાય (તેમને શરીર નથી તો ભૂખ કયાંથી હોય!)

(૧૯) પ્ર–હાલ આ લોકમાં અરિહંત કેટલા છે?
ઉ–વીશ.

(૨૦) પ્ર–તેઓ કયા લોકમાં છે?
ઉ–*ત્રીછાલોકમાં

(૨૧) પ્ર–ત્રીછાલોકના કયા ક્ષેત્રમાં?
ઉ–મહાવિદેહ ક્ષેત્રમાં.

(૨૨) પ્ર–મહાવિદેહ કેટલા છે?
ઉ–પાંચ.

---

* પશ્ચિમ મહાવિદેહે (જંબુદ્વીપમાં) અધોગામ વિજય આશ્રી અધોલોકમાં પણ તીર્થંકર છે. પરંતુ બહોળતાએ ત્રીછા લોકમાં કહેવા

(૨૩) પ્ર—અરિહંત દેવ મરીને કયાં જાય ?
ઉ—મોક્ષે જાય.

(૨૪) પ્ર—આપણા ભરતક્ષેત્રમાં છેલ્લા અરિહંત કોણથયા ?
ઉ—મહાવીર પ્રભુ, બીજું નામ વર્ધમાન સ્વામી.

(૨૫) પ્ર—તેઓ હાલમાં કયાં છે ?
ઉ—સિધ્ધ ક્ષેત્રમાં.

(૨૬) પ્ર—નવકાર મંત્ર બોલો ?
ઉ—નમો અરિહંતાણું; નમો સિધ્ધાણું; નમો આયરિયાણું; નમો ઉવઝ્ઝાયાણું, નમો લોએ-સવ્વ સાહુણું.

(૨૭) પ્ર—નમો એટલે શું. ?
ઉ—નમસ્કાર હોજો.

(૨૮) પ્ર—અરિહંતાણું એટલે શું.
ઉ—અરિહંત દેવને.

(૨૯) પ્ર—સિધ્ધાણું એટલે શું ?
ઉ—સિધ્ધ ભગવંતને.

(૩૦) પ્ર—અરિહંત અને સિધ્ધ એ બેમાં મોટા કોણ ?
ઉ—સિધ્ધ.

(૩૧) પ્ર—ત્યારે અરિહંતને પ્રથમ નમસ્કાર શામાટે કરીએ છીએ ?
ઉ-તેમણે (અરિહંતે) સિદ્ધને ઓળખાવ્યા તેથી વિવેક ખાતર.

(૩૨) પ્રશ્ન–અરિહંત કેવા હોય ?

ઉ૦–સાધુજીના જેવા.

(૩૩) પ્ર૦–સિધ્ધ ભગવંત કેવા છે ?

ઉ૦–નિરંજન, નિરાકાર.

(૩૪) પ્ર૦–નિરંજન, એટલે શું ?

ઉ૦–જેને કર્મરૂપી અંજન–મેલ નથી તે.

(૩૫) પ્ર૦–નિરાકાર એટલે શું ?

ઉ૦–જેને આકાર નહિ તે.

(૩૬) પ્ર૦–નમો આયરિયાણં એટલે શું ?

ઉ૦–આચાર્યજીને નમસ્કાર

(૩૭) પ્ર૦–આચાર્ય કોને કહેવાય ?

ઉ૦–પોતે શુધ્ધ આચાર પાળે અને બીજાને પળાવે તે આચાર્ય.

(૩૮) પ્ર૦–આચાર્યમાં કેટલા ગુણ હોય ?

ઉ૦–છત્રીશ. *

(૩૯) પ્ર૦–અરિહંતમાં કેટલા ગુણ હોય ?

ઉ૦–બાર *

(૪૦) પ્ર૦–આચાર્ય મોટા કે અરિહંત ?

ઉ૦–અરિહંત.

---

* આગળ કહેવાશે.

(૪૧) પ્ર૦-સિદ્ધ ભગવંતમાં કેટલા ગુણ હોય ?
ઉ૦-આઠ. [કહ્યું ?
(૪૨) પ્ર૦-નવકાર મંત્રના ચોથા પદમાં કોને નમસ્કાર કરવાનુ
ઉ૦ઉપાધ્યાયજીને.
(૪૩) પ્ર૦-ઉપાધ્યાય કોને કહેવાય ?
ઉ૦-શુધ્ધ સૂત્રાર્થ પોતે ભણે અને બીજાને ભણાવે તેને.
(૪૪) પ્ર૦-આપણી નિશાળમાં કોણ ઉપાધ્યાય ?
ઉ૦-કોઈ નહિ.
(૪૫) પ્ર૦-ઉપાધ્યાયજીમાં ટલા ગુણ હોય ?
ઉ૦-પચીશ. *
(૪૬) પ્ર૦-ઉપાધ્યાય મોટા કે આચાર્ય ?
ઉ૦-આચાર્ય.
(૪૭) પ્ર૦-નવકારનું પાચમું પદ બોલો ?
ઉ૦-નમો લોએ-સવ્વસાહુણં.
(૪૮) પ્ર૦-લોએ એટલે ?
ઉ૦-લોકમાં
(૪૯) પ્ર૦-સવ્વસાહુણં એટલે ?
ઉ૦-સર્વ સાધુજીને. (પાંચમા પદનો અર્થ એવો છે કે લોકમાં જેટલા સાધુ છે તે સર્વને નમસ્કાર.)
(૫૦) પ્ર૦-સાધુજીમાં કેટલા ગુણ હોય ?
ઉ૦-સત્તાવીશ*

---

* આગળ કહેશે.

(૫૧) પ્ર૦—નવકાર મંત્રમાં કેટલાને નમસ્કાર કરવાનું કહ્યુંછે?
ઉ૦—પાંચને.

(૫૨) પ્ર૦—કયા પાંચને?
ઉ૦—અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુજી.

(૫૩) પ્ર૦—એ પાંચે મળીને શું કહેવાય?
ઉ૦—પંચ પરમેષ્ઠિ.

(૫૪) પ્ર૦—પંચ પરમેષ્ઠિના કેટલા ગુણ?
ઉ૦—એકસો આઠ.

(૫૫) પ્ર૦—પંચ પરમેષ્ઠિમાં સાધુપણું કેટલા પાળે છે? અને કયા કયા?
ઉ૦—ચાર, અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુજી.

(૫૬) પ્ર૦—સિધ્ધ ભગવંત શું કરે છે?
ઉ૦—આનંદ અથવા અનંત સુખની લહેરમાં બિરાજી રહ્યા છે.

(૫૭) પ્ર૦—પંચ પરમેષ્ઠિમાં માણસ કેટલા?
ઉ૦—ચાર. (સિધ્ધ ભગવંત સિવાય)

જીવ તત્ત્વ તથા અજીવ તત્ત્વ.

(૧) પ્રશ્ન–આપણા શરીર ઉપર અગ્નિનો તણખો પડે તો શું થાય ?
ઉત્તર–વેદના થાય.

(૨) પ્ર૦–માણસ મરી જાય પછી તેના શરીરને શું કરે છે ?
ઉ૦– અગ્નિમાં સળગાવી દે છે.

(૩) પ્ર૦– તેને વેદના નહિ થતી હોય ?
ઉ૦–ના, તેને વેદના ન થાય.

(૪) પ્ર૦– શા માટે ન થાય ?
ઉ૦–તેનામાં જીવ નથી ?

(૫) પ્ર૦–કયાંસુધી આપણને સુખ દુઃખ જાણવામાં આવે છે ?
ઉ૦–શરીરમાં જીવ છે ત્યાં સુધી.

(૬) પ્ર૦–ત્યારે સુખ દુઃખ કોણ જાણે છે ? શરીર કે જીવ ?
ઉ૦–જીવ સુખ દુઃખ જાણે છે.

(૭) પ્ર૦–તમે જીવ દીઠો છે ?
ઉ૦–ના, તે આપણાથી દેખી શકાતો નથી.

(૮) પ્ર૦–શરીરમાં જીવ કઈ જગાએ રહેતો હશે ?
ઉ૦–આખા શરીરમાં (સર્વાંગે) જીવ વ્યાપી રહયો છે.

(૯) પ્ર૦–કોની પેઠે ?
ઉ૦–તલમાં તેલ રહે છે તેની પેઠે.

(૧૦) પ્ર૦–જીવ મરે કે નહિ ?
ઉ૦–જીવ કદી ન મરે.

(૧૧) પ્ર૦–ત્યારે મરી જવું એટલે શું ?
ઉ૦–શરીરમાંથી જીવનું જતા રહેવું, જીવ કાયાનું જુદું પડવું.

(૧૨) પ્ર૦–જીવ શરીર છોડીને કયાં જાય ?
ઉ૦–બીજા શરીરમાં ઉપજે.

(૧૩) પ્ર૦–બધા જીવને બીજા શરીરમાં ઉપજવું પડે ?
ઉ૦–સિદ્ધ થાય તેમને બીજા શરીરમાં ઉપજવું ન પડે.

(૧૪) પ્ર૦–જીવ લોકમાં ઝાઝા છે કે અલોકમાં ?
ઉ૦–અલોકમાં એકલું આકાશ છે, ત્યાં જીવ એક પણ નથી. લોકમાં અનંતા જીવ ભર્યા છે.

(૧૫) પ્ર૦–લોકમાં જીવ વગરનું કોઈ પણ સ્થળ હશે ?
ઉ૦–ના, એક સોયના અગ્રભાગ જેટલી પણ આ લોકમાં જીવ વિનાની ખાલી જગા નથી.

(૧૬) પ્ર૦–જીવનું બીજું નામ શું ?
ઉ૦–આત્મા.

(૧૭) પ્ર૦–હાથીનો આત્મા મોટો કે કીડીનો ?
ઉ૦–બંનેનો આત્મા સરખો છે.

(૧૮) પ્ર૦–હાથી મરીને કીડી થાય તો તેનો જીવ એવડા નાના શરીરમાં કેમ સમાઈ શકે ?

ઉ૦—એક દીવો આખા ઓરડામાં અજવાળુ આપે છે; પણ તેજ દીવા ઉપર એક વાસણ ઢાંકીએ તો તેટલાજ ભાગમાં તેનું અજવાળું સમાઇ જાય છે. તેવી રીતે જીવ પણ શરીર પ્રમાણે વ્યાપીને રહે છે.

(૧૯) પ્ર૦—જીવ આપણા દેખવામાં આવે છે કે નહિ ?
ઉ૦—ના, તે અરૂપી છે.

(૨૦) પ્ર૦—ત્યારે આપણે જેજે ચીજો જોઇ શકીએ તે બધી કેવી કહેવાય ?
ઉ૦—અજીવ.

(૨૧) પ્ર૦—જીવ અને અજીવમાં શો ફેર ?
ઉ૦—જીવનું ચૈતન્ય લક્ષણ છે; અને અજીવ અચેતન એટલે જડ છે.

(૨૨) પ્ર૦—આપણું શરીર જીવ કે અજીવ ?
ઉ૦—અજીવ. [શકે ?

(૨૩) પ્ર૦—ત્યારે જડ પદાર્થ પોતાની મેળે હાલી ચાલી કેમ
ઉ૦—તેમાં જીવ હોય ત્યાં સુધી તે જીવની શકિતથી હાલી ચાલી શકે પછી તેનાથી કશુંએ ન થાય.

(૨૪) પ્ર૦—સર્વ પદાર્થોનો કયા બે તત્ત્વમાં સમાવેશ થઇ જાય છે?
ઉ૦—જીવતત્ત્વ અને અજીવતત્ત્વમાં; અથવા ચેતન અને જડમાં.

સચેત* અચેતની સમજણ.

(૧) પ્ર૦–સાધુ પાણી કેવું વાપરે ?
ઉ૦–અચેત એટલે જીવ વગરનું.

(૨) પ્ર૦–કુવા, નદી તળાવ વગેરેનું પાણી પ્રાયઃ કેવું હોય ?
ઉ૦–સચેત એટલે જીવવાળું.

(૩) પ્ર૦–પાણીના એક ટીપામાં કેટલા જીવ કહ્યા છે ?
ઉ૦–અસંખ્યાતા.

(૪) અસંખ્યાતા એટલે ?
ઉ૦–ગણ્યા ગણાય નહિ તેટલા.

(૫) પ્ર૦–ગણી શકાય તે કેટલા કહેવાય ?
ઉ૦–સંખ્યાતા.

(૬) પ્ર૦–વરસાદનું પાણી કેવું હોય ?
ઉ૦–સચેત.

(૭) પ્ર૦–પાણી સચેત હોય તે અચેત શાથી થાય ?

---

* **सचेतस** એ શબ્દ વિશેષણ છે; એનો અર્થ લાગણીવાળું; અર્થાત્ સુખ–દુઃખ જેને લાગે છે. તે એ શબ્દનું પ્રથમાનું રૂપ **सचेतः** થાય છે. તેમજ **सचित्** એ શબ્દ પણ વિશેષણ છે. તે પણ ઉપલા અર્થમાં વાપરી શકાય છે. પણ '**सचत**' એ શબ્દ ઉપલા અર્થમાં વાપરવો એ ભૂલભરેલું છે. તેમજ ખરો શબ્દ **अचित** અગર **अचेत** છે; નહિ કે **अचित.**

ઉ૦–ઉનું થવાથી અથવા તેમાં અચેત કરી શકે તેવી બીજી વસ્તુ મળવાથી.

(૮) પ્ર૦–પાણીને અચેત કરી શકે તેવી વસ્તુ કઇ ?

ઉ૦–રાખ, ચોખા ઉપરની રજ, દ્રાક્ષ, કેરી વગેરે, (ચોખા. દ્રાક્ષ, કેરી, વગેરે ધોવાતાં પાણી અચેત થઇ જાય છે)

(૯) પ્ર૦–સાધુજી સચેત પાણી શા માટે નથી વાપરતા ?

ઉ૦–પાણીના જીવની દયાને ખાતર.

(૧૦) પ્ર૦–પાણીના જીવની દયાને ખાતર બીજું શું કરે છે ?

ઉ૦–વરસાદના દહાડામાં એકજ ગામમાં રહે છે અને વરસતા વરસાદમાં ગોચરી કરવા પણ જતા નથી.

(૧૧) પ્ર૦–સાધુ ખોરાક કેવો ખાય ?

ઉ૦–અચેત.

(૧૨) પ્ર૦–રોટલા રોટલી સચેત કે અચેત ?

ઉ૦–અચેત

(૧૩) પ્ર૦–શાક ભાજી સચેત કે અચેત ?

ઉ૦–કાચી લિલોત્રી સચેત હોય, પરંતુ રાંધેલી અચેત કહેવાય.

(૧૪) પ્ર૦–રાંધવાંથી અચેત કેમ થાય છે ?

ઉ૦-ચુલામાંહેની અગ્નિ લાગવાથી તેના જીવો મરી જાય છે *

(૧૫) પ્ર૦-કાચી લિલોત્રી સાધુને કલ્પે ?
ઉ૦-ના; તે સચેત છે માટે ન કલ્પે ?

(૧૬) પ્ર૦-કાચુ અનાજ સાધુને કલ્પે ?
ઉ૦-અચેત કલ્પે; પણ સચેત હોય તે ન કલ્પે.

(૧૭) પ્ર૦-સચેત અચેત અનાજ કેમ પરખી સકાય ?
ઉ૦-જે અનાજ વાવવાથી ઉગે તેવું હોય તે સચેત: અને ઊગી શકે નહિ તેવું હોય તે અચેત.

(૧૮) પ્ર૦-ચોખા સચેત કે અચેત.
ઉ૦-અચેત; કારણકે તે વાવ્યા ઉગતા નથી.

(૧૯) પ્ર૦-જુવાર, બાજરી, ઘઉં, મગ, ચણા, અડદ, મઠ, મકાઇ, વગેરે સચેત કે અચેત ?
ઉ૦-સચેત.

(૨૦) પ્ર૦-અડતની દાળ કાચી હોય તે સચેત કે અચેત ?
ઉ૦-અચેત; કારણ કે કોઇ પણ કઠોળની દાળ વાવી ગતી નથી.

---

* અહીં શિક્ષકે વિદ્યાર્થીને સમજાવવું કે સાધુ કાંઈ એવું ઇચ્છિતા **નથી** કે મારે માટે કોઈ રસોઇ પકાવે અગર સચેત વસ્તુને અચેતકરી મને આપે, અચેત થયેલી વસ્તુ તૈયાર પડી હોય અને સાધુ આવી ચ્હડે તો યોગ્ય લાગે તો લે છે.

(૨૧) પ્ર૦-લોટ સચેત કે અચેત ?

ઉ૦-અચેત.

(૨૨) પ્ર૦-કેવાં લોટ દાળ સચેત કહેવાય અને સાધુને ન કલ્પે ?

ઉ૦-તરતનાં દળેલાં અથવા ભરડેલાં લોટ દાળ સચેત કહેવાય ને સાધુને લેવાં કલ્પે નહિ.

(૨૩) પ્ર૦-કાચું મીઠું સચેત કે અચેત ?

ઉ૦-સચેત.

(૨૪) પ્ર-મીઠામાં કેવો જીવો હોય ?

ઉ૦-પૃથ્વીકાય

(૨૫) પ્ર૦-પૃથ્વીકાય જીવો બીજા શેમાં હોય ?

ઉ૦-ખડી ખારો, માટી, પત્થર, હિંગળો, હરતળ, ગેરૂ, ગોપીચંદન, રત્ન, પરવાળાં વગેરેમાં.

(૨૬) પ્ર૦-જુવારના દાણા જેટલી પૃથ્વીકાય લઇની તો તેમાં કેટલા જીવો હોય ?

ઉ૦-અસંખ્યાતા.

(૨૭) પ્ર૦-પાણીમાં કેવા જીવો રહેલા છે ?

ઉ૦-અપ્પકાય.

(૨૮) પ્ર૦-લીલોત્રીમાં કેવા જીવો રહેલા છે ?

ઉ૦-વનસ્પતિ કાય.

(૨૯) પ્ર૦-વનસ્પતિ કાય જીવો શેમાં શેમાં હોય છે ?

ઉ૦-ઝાડ, છોડ અને વેલાનાં મુળ, થડ, ડાળાં, ડાળખાં, છાલ, પાંદડાં, પુલ, ફળ, બીજ વગેરેમાં વનસ્પતિ કાય જીવો હોય છે.

(૩૦) પ્ર૦-વનસ્પતિ કાયના મુખ્ય કેટલા ભેદ છે? અને કયા કયા ?
ઉ૦-બે; પ્રત્યેક ને સાધારણ.

(૩૧) પ્ર૦-પ્રત્યેક વનસ્પતિ કોને કહેવાય ?
ઉ૦-શરીરે શરીરે એકેકો જીવ હોય તે પ્રત્યેક.

(૩૨) પ્ર૦-સાધારણ વનસ્પતિ કોને કહેવાય ?
ઉ૦-અનંતાજીવોનું એકશરીર હોય તેને સાધારણ વનસ્પતિ કહે છે.

(૩૩) પ્ર૦-વનસ્પતિમાં કેટલા જીવ છે.
ઉ૦-કુણીમાં અનંતા, કાચીમાં અસંખ્યાતા ને પાકીમાં સંખ્યાતા જીવ હોય છે.

(૩૪) પ્ર૦-સાધુને પાકીકેરી વ્હોરાવાય ?
ઉ૦-આખીકેરી સાધુને લેવી ન કલ્પે; કારણ કે તેની ગોટલીમાં જીવ છે.

(૩૫) પ્ર૦-સાધુને પાકી કેરીનો રસ વ્હોરાય ?
ઉ૦-હા.

(૩૬) પ્ર૦-સાધુને ઘી ઉનું ખપે કે થીણું. ?
ઉ૦-ઉનું અને થીણું બેઉ કલ્પે.

(૩૭) પ્ર૦-સાધુને તેલ લેવું કલ્પે.
ઉ૦-હા. તેલ અચેત છે.

(૩૮) પ્ર૦-સાધુને દુધ, દહીં, અને છાશ કલ્પે ?
ઉ૦-હા, તે પણ અચેત હોય છે માટે કલ્પે.

(૩૯) પ્ર૦—સાધુને ખારો લેવો કલ્પે ?
ઉ૦—ના; તે સચેત ગણાય.

(૪૦) પ્ર૦—સાધુને સાકર, ખાંડ, ગોળ, લેવાં કલ્પે ?
ઉ૦—હા; તે અચેત છે માટે કલ્પે.

(૪૧) પ્ર૦—અચેતવસ્તુ પણ સાધુજીથી કયારે ન વ્હોરી [શકાય ?
ઉ૦—અસુઝતી હોય ત્યારે.

(૪૨) પ્ર૦—અસુઝતી કોને કહેવાય ?
ઉ૦—અચેતવસ્તુ સચેતવસ્તુને લાગેલી હોય; અથવા વ્હોરાવવા જતાં સચેતવસ્તુનો સ્પર્શ થઇ ગયો હોય તો અચેતવસ્તુ પણ સાધુને લેવી કલ્પે નહિ.

(૪૩) પ્ર૦—સાધુજીને વ્હોરાવતી વખતે આપણે કયી કયી વસ્તુને અડકવું. નહિ ?
ઉ૦—પૃથ્વીકાય, અપ્પકાય, તથા વનસ્પતિકાય જીવો જે વસ્તુમાં છે તે વસ્તુને તથા અગ્નિને અડકવું નહિ. તેમજ ફુંક મારીને કાંઇ ચીજ આપવી નહિ.

(૪૪) પ્ર૦—અગ્નિને શા માટે અડકવું નહિ ?
ઉ૦—તેના એક તણખામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતને કહ્યા છે.

(૪૫) પ્ર૦--તે કેવા જીવ કહેવાય ?
ઉ૦--અગ્નિકાય અથવા તેઉકાય.

(૪૬) પ્ર૦--સાધુને વ્હોરાવતાં ફુંક શા માટે ન મારવી ?
ઉ૦--ફુંકવાથી વાયરાના જીવો હણાય છે માટે.

(૪૭) પ્ર૦–વાયરાના જીવો કેવા કહેવાય ?
ઉ૦–વાઉકાય.

(૪૮) પ્ર૦–વાયરાના જીવો શાથી હણાય છે?
ઉ૦–ઉઘાડે મુખે બોલવાથી, ઝાપટ નાખવાથી, હીંચકવાથી વગેરે ક્રિયાઓથી.

(૪૯) પ્ર૦–એકવાર ઉઘાડે મોંઢે બોલવાથી કેટલા વાઉકાય જીવો હણાય ?
ઉ૦–અસંખ્યાત.

(૫૦) પૃથ્વીકાય, અપ્પકાય, તેઉકાય અને વનસ્પતિકાય એટલે શું ?
ઉ૦–પૃથ્વીકાય એટલે પૃથ્વીના જીવો, અપ્પકાય એટલે પાણીના જીવો, તેઉકાય એટલે અગ્નિના જીવો. વાઉકાય એટલે વાયરાના જીવો, અને વનસ્પતિકાય એટલે વનસ્પતિના જીવો*

---

* અહીં શિક્ષકે વિદ્યાર્થીઓના મનમાં સજ્જડ ઠસાવવું જોઇએ કે પૃથ્વી, પાણી, અગ્નિ, પવન અને વનસ્પતિમાં જીવ છે. એ વાત કાંઇ ગપ્પ નથી; કારણ કે તે દરેકને વધવા–ઘટવાપણું છે અર્થાત 'લાગણી' છે તે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ, સાહેબ લોકોએ પ્રયોગો કરીને એ દરેકમાં જીવ હોવાની ખાત્રી કરી છે. આપણા એક બંગાળી શોધકે હમણાંજ શોધ કરી છે કે ધાતુ પણ સચેત છે. આમ વીતરાગ અથવા પક્ષપાત વગરના પ્રભુની વાણી આપણે માત્ર અંધ શ્રધ્ધાથીજ માન-

ત્રસ અને સ્થાવર જીવો.

(૧) પ્ર૦–પૃથ્વીના પાણીના; અગ્નિના, વાયરાના અને વનસ્પતિના એ પાંચે જાતના જીવો પોતાની મેળે હાલી ચાલી શકે ખરા ?

ઉ૦–તેઓ પોતાની મેળે હાલી ચાલી શકતા નથી.

[૨] પ્ર૦–જે જીવો પોતાની મેળે હાલી ચાલી શકે નહિ તે કેવા જીવો કહેવાય ?

ઉ૦–સ્થાવર.

[૩] પ્ર૦–જે જીવો પોતાની મેળે હાલી ચાલી શકે તે કેવા કહેવાય ?

ઉ૦–ત્રસ

[૪] પ્ર૦–તમે ત્રસ કે સ્થાવર ?

ઉ૦–ત્રસ.

[૫] પ્ર–હાથી, ઘોડા, ઉંટ, ગાય, ભેંસ વગેરે ત્રસ કે સ્થાવર ?

ઉ૦–ત્રસ.

વાની નથી પ્રણ ખરેખરી છે માટેજ માનીએ છીએ. એમ કહી શ્રદ્ધા બેસાડવી. અન્ય ધર્મના પણ દાખલા આપવા જેવા કે બ્રાહ્મણો માને છે કે 'જલમાં, સ્થલમાં સર્વમાં વિષ્ણુ છે,' વિષ્ણુ એ શબ્દ विष् એટલે વ્યાપવું એ ઉપરથી થએલો છે. અર્થાત્ સર્વ જગ્યાએ જીવ વ્યાપી રહેલો છે.

[૬] પ્ર૦–માખી, મંકોડા વગેરે ત્રસ કે સ્થાવર ?
ઉ૦–ત્રસ,

[૭] પ્ર૦–લીમડો ત્રસ કે સ્થાવર ?
ઉ૦–સ્થાવર

[૮] પ્ર૦–પાણીના જીવો ત્રસ કે સ્થાવર ?
ઉ૦–સ્થાવર

[૯] પ્ર૦–કબાટ ત્રસ કે સ્થાવર
ઉ૦–કબાટમાં જીવ નથી; માટે ત્રસ કે સ્થાવર કાંઇ કહેવાય નહિ.

[૧૦] પ્ર૦--મીઠાના જીવ ?
ઉ૦–સ્થાવર

[૧૧] પ્ર૦–પોરા ?
ઉ૦--ત્રસ

(૧૨) પ્ર૦--ઘડીયાળ ?
ઉ૦--તેમાં જીવ નથી.

[૧૩] પ્ર૦--જીવના મોટા ભેદ કેટલા ?
ઉ૦--બે, ત્રસ અને સ્થાવર.

[૧૪] પ્ર૦--સ્થાવરના કેટલા ભેદ ?
ઉ૦--પાંચ, પૃથ્વી, અપ, તેઉ, વાઉ અને વનસ્પતિ.

(૧૫] પ્ર૦--કુલ કેટલી કાયના જીવો છે ?
ઉ૦--છ કાયના જીવો છે પૃથ્વીકાય, અપ્પકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને ત્રસકાય.

શ્રી મહાવીરશાસન.

[૧] પ્ર૦--આપણે કયો ધર્મ પાળીએ છીએ !
ઉ૦--જૈન ધર્મ.

[૨] પ્ર૦--'જૈન' નામ શાથી પડયું !
ઉ૦--જીન પરમાત્માએ સ્થાપ્યો તેથી જૈન ધર્મ કહેવાયછે

[૩] પ્ર૦--જીન એટલે શું !
ઉ૦--રાગ દ્વેષના જીતનારા

[૪] પ્ર૦--જીનનું બીજું નામ શું ?
ઉ૦--તીર્થંકર અથવા અરિહંત અથવા વીતરાગ.

[૫] પ્ર૦--આપણે કયા તીર્થંકરનાર શાસનમાં છીએ !
ઉ૦--ચોવીશમા શ્રી મહાવીર સ્વામિના શાસનમાં.

[૬] પ્ર૦--શ્રી મહાવીર પ્રભુનાં માતુશ્રીનું નામ શું ।
ઉ૦--ત્રિશલા દેવી

[૭] શ્રી મહાવીરના પિતાનું નામ શું !
ઉ૦--સિધ્ધાર્થ રાજા,

[૮] પ્ર૦--તેઓ કેવી જ્ઞાતે હતા !
ઉ૦--ક્ષત્રીય.

[૯] પ્ર૦-સિદ્ધાર્થ રાજાની રાજધાની કયા શહેરમાં હતી !
ઉ૦--ક્ષત્રીકુંડ નગરમાં.

[૧૦] પ્ર૦--સિધ્ધાર્થ રાજાને કેટલા કુંવર હતા ।
ઉ૦--બે.

(૧૧) પ્ર૦--તેમનાં નામ શું ?

ઉ૦--મોટા નંદીવર્ધન અને નાના શ્રી વર્ધમાન અથવા શ્રી મહાવીર.

(૧૨) પ્ર૦--મહાવીર સ્વામીના શરીરનો વર્ણ કેવો હતો ?

ઉ૦--સોના જેવો.

(૧૨) પ્ર૦--મહાવીરસ્વામીનું દેહમાન કેટલું હતું ?

ઉ૦--સાત હાથ.

(૧૪) પ્ર૦--દેહમાન એટલે શું ?

ઉ૦--શરીરનું માપ અથવા ઉંચાઇ.

(૧૫) પ્ર૦--મહાવીર સ્વામીનું આયુષ્ય કેટલું હતું ?

ઉ૦--બહોતેર વર્ષનું.

(૧૬) પ્ર૦-તેમણે કેટલા વર્ષની ઉમરે દિક્ષા લીધી ?

ઉ૦-ત્રીશ વર્ષની.

(૧૭) પ્ર૦-દિક્ષા લીધા પછી ધર્મ કયારે પ્રરૂપ્યો ?

ઉ૦-સાડાબાર વર્ષ અને એક પખવાડીએ, કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી.

(૧૮) પ્ર૦-કેવળજ્ઞાન એટલે શું ?

ઉ૦-સંપૂર્ણ જ્ઞાન.

(૧૯) પ્ર૦--કેવળજ્ઞાન ઉત્પન્ન થવાથી ભગવંતે શું કીધું ?

ઉ૦--કેવળજ્ઞાને કરીને લોકમાં અનેક પ્રકારના ત્રસ અને સ્થાવર જીવોને દુઃખી થતા જાણીને તેઓને દુઃખોથી મુક્ત કરવા માટે મોક્ષમાર્ગ દેખાડયો, અને અનેક જીવોનેસંસાર સમુદ્રથી તાર્યા. અનંત જીવોની દયાનો પાલક સાધુવર્ગ ઉત્પન્ન કર્યો, દાનાદિક ઉત્તમ ગુણોથી અલંકૃત શ્રાવક વર્ગ ઉભો કર્યો. અને તેમના માટે અપૂર્વ જ્ઞાનના ભંડાર રૂપ શાસ્ત્રો ગુંથી શકે તેવું ઉત્કૃષ્ટ જ્ઞાન અને ત્રિપદીવિદ્યા ગણધરદેવને આપીને ત્રીશ વર્ષ કેવળ પ્રવર્જ્યા પાળી 'લોક'ને મસ્તકે શાશ્વત એવી સિદ્ધગતિ પામ્યા.

कयपावोवि मणुस्सो, आलोइय निंदिअ गुरु सगासे
होई अईरेग लहुओ. ओहरिअ भरुव्व भारवहो.

પાપનો કરનાર એવો મનુષ્ય પણ ગુરૂ પાસે કરેલા પાપને પ્રકાશ કરતો તથા પાપની નિંદા કરતો–એટલે મિચ્છામિ દુક્કડં દેતો થકો ઘણા પાપથી હલકો થાય જેમ ભાર ઉપાડી લઈ જનાર માણસ ભાર ઉતારી હળવો થાય છે તેમ (પ્રતિક્રમણ કરતા) તે પણ કર્મ રૂપ ભારે કરીને હળવા થાય છે.

જેટલા અક્ષર શ્રુતના ભણાવે, તેટલા વરસ હજારજી.
સ્વર્ગાદિનાં સુખને વિલસે, પામે ભવનો પાર. શ્રુતપદ ભજીએજી.